RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - અમાસ | શુક્રવાર તા.૧૧-૦૯-૨૦૨૬ | અંક : ૨૧૫ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# બ્રિક્સ સમિટ માટે રાજધાની દિલ્હી બની અભેદ્ય કિલ્લો

## આવતીકાલથી બે દિવસ બ્રિક્સ સંમેલન :ગલવાન હિંસા પછી ચીનના પ્રમુખ જિનપિંગનો પહેલો ભારત પ્રવાસ, સુરક્ષા માટે ૧૦૦થી વધુ એનએસજી કમાન્ડો, દિલ્હી પોલીસના ૧૦૦૦થી વધુ સ્વાટ કમાન્ડો તૈનાત એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવ

નવી દિલ્હી,

પશ્ચિમ એશિયા સંકટ, યુદ્ધ, પ્રતિબંધો, ટેરિફ વોરને પગલે વૈશ્વિક વ્યવસ્થાઓ કથળી ગઈ છે ત્યારે ૧૨-૧૩ સપ્ટેમ્બરે રાજધાની દિલ્હીમાં યોજાઈ રહેલા બ્રિક્સ સંમેલન પર સમગ્ર દુનિયાની નજર છે. આ બ્રિક્સ સંમેલનમાં રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારત આવી રહ્યા છે. ગલવાન હિંસા પછી જિનપિંગનો આ પહેલો ભારત પ્રવાસ છે. વધુમાં કુલ ૧૧ દેશોના વડા આવી રહ્યા હોવાથી રાજધાની દિલ્હીને અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવાઈ છે તથા એન્ટી ડ્રોન સિસ્ટમ પણ એક્ટિવ કરાઈ છે.






વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૧૮મા બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા માટે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારત આવી રહ્યા છે. બ્રિક્સ બેઠક શનિવારે અને રવિવારે યોજાવાની છે. જોકે, આ પહેલાં શુક્રવારે વડાપ્રધાન મોદી અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થશે. આ બેઠકમાં યુક્રેન અને ઈરાન વચ્ચે યુદ્ધો પર ચર્ચાની સાથે દ્વિપક્ષીય આર્થિક અને સંરક્ષણ સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા થશે. ઉપરાંત ભારત અને રશિયા વચ્ચે કેટલાક મહત્વના કરાર થાય તેવી સંભાવના છે. આ સિવાય ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી પહેલી વખત ભારત આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે ગુરુવારે જિનપિંગના ભારત પ્રવાસની પુષ્ટી કરી છે. જોકે, તેમણે જિનપિંગના પ્રવાસ અંગે અન્ય કોઈ વિગતો જાહેર કરી નથી. જોકે, માનવામાં આવે છે કે પીએમ મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ શકે છે. જિનપિંગની આ મુલાકાત ભારત અને ચીન વચ્ચે સંબંધો સુધરી રહ્યા હોવાનો સંકેત આપે છે. આ પહેલાં ગયા વર્ષે પીએમ મોદીએ એસસીઓ બેઠક માટે ચીનના તિયાનજિનનો પ્રવાસ કર્યો હતો.

વર્ષ ૨૦૨૦માં ગલવાન હિંસા પછી જિનપિંગ પહેલી વખત ભારત આવશે. આ પહેલા જિનપિંગ ૧૧-૧૨ ઓક્ટોબર ૨૦૧૯માં તમિલનાડુના મલ્લાપુરમના પ્રવાસે આવ્યા હતા, જ્યાં તેમણે પીએમ મોદી સાથે ભારત-ચીનના બીજી અનૌપચારિક શિખર સંમેલન માટે ભારતનો પ્રવાસ કર્યો હતો. દરમિયાન બ્રિક્સ સંમેલન માટે ઈરાન સહિત ૧૧ દેશોના વડા ભારત આવી રહ્યા હોવાથી રાજધાની દિલ્હીને અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવાઈ છે. દિલ્હીમાં આ વખતે ૨૦૨૩ના જી-૨૦ સંમેલન કરતાં વધુ મોટી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દિલ્હીના ડીસીપી સચિન શર્માએ કહ્યું કે, રાજધાનીમાં ૨૫,૦૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને સુરક્ષામાં તૈનાત કરાયા છે. ૧૦૦થી વધુ એનએસજી કમાન્ડો અને એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવેટ કરાઈ છે. દિલ્હી પોલીસના ૧૦૦૦થી વધુ સ્વાટ કમાન્ડો તૈનાત કરાયા છે. બ્રિક્સ સમિટ દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં રાખતા નિશ્ચિત વિસ્તારોમાં ડ્રોન અથવા કોઈપણ પ્રકારના ફ્લાઈંગ ઓબ્જેક્ટના ઉડ્ડયન પર પ્રતિબંધ મૂકાયો છે.

દિલ્હીની ઈમારતોની છતો પર સ્નાઈપર્સ તૈનાત કરાયા છે, જેઓ એઆઈ-ગાઈડેડ સ્નાઈપરથી સજ્જ હશે. આ સિવાય રાજધાનીમાં જેસ્ચર રિકગ્નિશન કેમેરા લોકોના બેઠવા-ઉઠવા અથવા ચાલવાની રીતોમાં ફેરફારને ઓળખશે, કમાન્ડો હેલિકોપ્ટરોમાંથી દોરડા મારફત નીચે ઉતરશે અને એન્ટી-ગ્રાફિટી ટીમો ૨૪-૭ કલાક રસ્તા પર ફરતી રહેશે, જેથી હાઈટેક જોખમોથી લઈને છુપાઈને કરાનારા વિરોધ પ્રદર્શનો સુધી દરેક બાબતનો સામનો કરી શકાય.

### વિદેશી મહેમાનો અહીં રોકાશે

- રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ITC Mauryaમાં રોકાશે.
- ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગનું ડેલિગેશન હોટલ તાજ પેલેસમાં રોકાશે
- દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા The LaLitમાં રોકાશે.
- ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાન The Oberoi Hotelમાં રોકાશે.
- ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતડ અલ-સિસી Sheraton New Delhiમાં રોકાશે.
- બ્રાઝિલના વિદેશ મંત્રી માઉરો વીએરા The Imperialમાં રોકાશે.
- યુએઈ (UAE)ના ક્રાઉન પ્રિન્સ ખાલીદ બિન મોહમ્મદ અલ નાહયાન The Leela Palaceમાં રોકાશે
- આ ઉપરાંત Shangri-La Eros, Radisson Hotel, Roseate Hotel, Andaz Delhi, Lemon Treeજેવા લક્ઝરી હોટલ્સ પણ બુક કરવામાં આવ્યા છે.

### ભારત મંડપમ ભાષાઓના એક અનોખા સંગમનું સાક્ષી બનશે

નવીદિલ્હી,

વિશ્વના ટોચના નેતાઓ ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ સમિટમાં સામેલ થશે. પરિણામે, ભારત મંડપમમાં હિન્દી, અંગ્રેજી, મેન્ડરિન, રશિયન, પોર્ટુગીઝ, અરબી, ફારસી, ઈન્ડોનેશિયન, મલય અને થાઈ જેવી ભાષાઓ સાંભળવામાં આવશે. આ ભાષાઓના કુલ બોલનારાઓની સંખ્યા વિશ્વની વસ્તીનો નોંધપાત્ર ભાગ રજૂ કરે છે. આનો અર્થ એ છે કે દિલ્હી ફક્ત રાજ્યોના વડાઓ જ નહીં, પરંતુ વિશ્વની અબજો વસ્તીના ભાષાકીય પ્રતિનિધિત્વનું પણ આયોજન કરશે. બ્રિક્સ અને તેના મુખ્ય સભ્ય દેશોની ભાષાઓ પર એક નજર ખૂબ જ રસપ્રદ ચિત્ર દર્શાવે છે.

આનો અર્થ એ છે કે બ્રિક્સ હવે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા સુધી મર્યાદિત નથી. ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, યુએઈ, ઈન્ડોનેશિયા, ઈરાન, થાઈલેન્ડ, મલેશિયા અને સાઉદી અરેબિયા જેવા નવા સભ્યો પણ જોડાયા છે. તેથી, દિલ્હીમાં યોજાનારી સમિટમાં રશિયન, હિન્દી, અંગ્રેજી, મેન્ડરિન, પોર્ટુગીઝ, મલય, થાઈ, ફારસી અને અરબી જેવી ભાષાઓ સાંભળવામાં આવશે તે લગભગ નિશ્ચિત છે આ બ્રિકસ બેઠકમાં સૌથી વધુ બોલાતી ભાષા હશે.ભારત યજમાન છે, તેથી હિન્દી અને અંગ્રેજી બંને મહત્વપૂર્ણ રહેશે. ભારતમાં ૬૦૦ મિલિયન લોકો હિન્દી બોલે છે, જે તેને વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક બનાવે છે. સમિટ દરમિયાન વિદેશી મહેમાનો માટે અનુવાદ પ્રદાન કરવામાં આવશે, પરંતુ ભારતીય પ્રતિનિધિઓના અવાજમાં હિન્દી ઉચ્ચાર સ્પષ્ટપણે દેખાશે.




### લાંબા અંતરવાળા એરક્રાફ્ટ પર પ્રતિબંધ

DGCAએ ૧૧થી ૧૩ સપ્ટેમ્બર સુધી દિલ્હીથી ૩૦૦ કિમીના ઘેરામાં લાઈટ એરક્રાફ્ટ, માઈક્રોલાઈટ, છ્ફ અને લાંબા અંતરવાળા એરક્રાફ્ટ પર પ્રતિબંધ મૂક્યો છે, ૧૦૦ કિમીના ઘેરામાં ડ્રોન, પેરાગ્લાઈડર, પેરા-મોટર, કેંગ-ગ્લાઈડર અને તમામ પ્રકારના નાના હવાઈ ઉપકરણો પર રોક રહેશે.

દિલ્હીની આસપાસના ૭ રાજ્યોમાં ફલાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન્સની ઉડાનો પણ રોકી દેવામાં આવી છે.

ભારત મંડપમ, લુટિયન્સ ઝોન અને VVIP રુટ્સ પર DRDO દ્વારા બનાવવામાં આવેલી એન્ટી-ડ્રોન સિસ્ટમ તૈનાત કરવામાં આવી છે. તેમાં ઈલેક્ટ્રોનિક સોફ્ટ-કિલ (સિગ્નલ જામ કરનાર) અને ડાર્ડ-કિલ ( તોડી પાડનાર) સિસ્ટમ સામેલ છે. આ ઉપરાંત રડાર સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જેમર્સ પણ લગાવવામાં આવ્યા છે.

G20 માટે હિંદન, અંબાલા, સિરસા, ભટિંડા ડિફેન્સ એરબેઝને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા હતા. એરફોર્સે રાફેલ ફાઈટર જેટ, એન્ટી ડ્રોન સિસ્ટમ ઉપરાંત ૭૦થી ૮૦ કિલોમીટર દૂર સુધી પ્રહાર કરતી મિસાઈલો તૈનાત કરી હતી. અજાણ્યા એરક્રાફ્ટ અથવા મિસાઈલની માહિતી મેળવવા માટે એરબોર્ન અર્લી વૉર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ એક્ટિવ કરવામાં આવી હતી. સર્વેલન્સ એરક્રાફ્ટ 'નેત્ર' દિલ્હી રીઝનના એર સ્પેસ પર નજર રાખી રહ્યું હતું. દિલ્હી પોલીસના પૂર્વ ACP GE ભૂષણ જણાવે છે કે આપણા મોટાભાગના ગેજેટ્સ એલર્ટ મોડ પર રહે છે. આવી સમિટ્સ અને VVIP મૂવમેન્ટ દરમિયાન એરિયલ સર્વે થાય છે. હિંદન એરબેઝ અને ફાઈટર જેટ્સને પણ સક્રિય રાખવામાં આવે છે. સ્નાઈપર્સ પણ તૈનાત કરવામાં આવે છે.

## રશિયન પ્રમુખ પુતિન ભારત પહોંચ્યા

### BRICS સમિટમાં ભાગ લેશે, PM મોદી સાથે કરશે મુલાકાત

નવીદિલ્હી,

બ્રિક્સ સમિટ ૨૦૨૬માં ભાગ લેવા માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દિલ્હી પહોંચી ગયા છે. આજે શુક્રવારે સવારે તેમનું વિમાન દિલ્હીના પાલમ એરફોર્સ સ્ટેશન પર ઉતર્યું હતું, જ્યાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધનસિંહે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. દિલ્હીમાં યોજાનાર આ વૈશ્વિક શિખર સંમેલન અગાઉ પુતિનનું આગમન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

એરપોર્ટ પર આગમન બાદ પુતિનનો કાફલો સીધો તેમની હોટલ તરફ રવાના થયો હતો, જ્યાં તેમના ૈ્ઝ મૌર્યા હોટલમાં રોકાવાની સંભાવના છે. રાષ્ટ્રપતિ પુતિનના પ્રવાસને લઈને રાજધાની દિલ્હીમાં સુરક્ષાના અત્યંત કડક અને અભેદ્ય બંદોબસ્ત કરવામાં આવ્યા છે. તેમની સુરક્ષા માટે ચાર સ્તરીય સુરક્ષા ઘેરો તૈયાર કરવામાં આવ્યો છે.



#### વડાપ્રધાન મોદી સાથે મહત્ત્વપૂર્ણ બેઠક

ભારત આ વર્ષે બ્રિક્સ (BRICS) ની અધ્યક્ષતા કરી રહ્યું છે. નવી દિલ્હીના 'ભારત મંડપમ' ખાતે ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે આ શિખર સંમેલન યોજાવાનું છે. આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ પુતિન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિશેષ મુલાકાત કરશે. બંને નેતાઓ વચ્ચે આજે યોજાનારી દ્વિપક્ષીય બેઠકમાં સંરક્ષણ, વેપાર, આર્થિક સહયોગ અને વૈશ્વિક મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૯ મહિનામાં પુતિનનો આ બીજો ભારત પ્રવાસ છે, જે ભારત અને રશિયા વચ્ચેના મજબૂત વ્યૂહાત્મક સંબંધો દર્શાવે છે.

### દિલ્હીમાં ૧૦૦+ NSG કમાન્ડો સહિત ૩૦,૦૦૦ જવાન તૈનાત

દિલ્હીમાં પેરામિલિટરીની ૨૦૦ કંપનીઓ સહિત લગભગ ૩૦ હજાર જવાન તૈનાત કરવામાં આવ્યા છે. જ્યારે ૪૮૦૦ ટ્રાફિક પોલીસકર્મીઓ શહેરનું ટ્રાફિક કંટ્રોલ કરશે. DCP રેન્કના ૩૦ અધિકારીઓને મહેમાનોની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમાંથી ૧૦ અધિકારીઓ ભારત મંડપમની સુરક્ષા સંભાળશે. NSGHI ૧૦૦ થી વધુ કમાન્ડો અને દિલ્હી પોલીસની SWAT ટીમો તૈનાત કરવામાં આવી છે.

સમિટ પહેલા NSGએ 'ઓપરેશન બ્રિક્સ કવચ' અંતર્ગત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, રાજઘાટ, ભારત મંડપમ અને આર્મી પોલો ગ્રાઉન્ડ પર સુરક્ષા મોક ડ્રીલ પણ કરી છે.૧૦ હજારથી વધુ જવાનોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે, જે જરૂર પડયે સક્રિય થશે.આ ઉપરાંત દિલ્હી પોલીસ પડોશી રાજયો-ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ચંડીગઢની પોલીસની પણ મદદ લઈ રહી છે. સાથે જ બોર્ડર પર ચેકિંગ અને નજર રાખવામાં આવી રહી છે.



દિલ્હી પોલીસના પૂર્વ કમિશનર એસ.એન. શ્રીવાસ્તવ જણાવે છે કે સમિટમાં આવતા વિદેશી મહેમાનોની મોટાભાગની માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. તેમની ક્લોઝ સિક્યુરિટી તેમના અંગત બોડીગાર્ડ્સ સંભાળે છે, જ્યારે આઉટર સિક્યુરિટી દિલ્હી પોલીસ અને પેરામિલિટરી ફોર્સિસ સંભાળે છે.

# ભારતની સિદ્ધિ: પ્રનોસ ફ્યૂઝને પ્રજ્ઞા દ્વારા કર્યો કૃત્રિમ સૂર્યનો સફળ પ્રયોગ

### ચીન-અમેરિકાની હરોળમાં ભારત: ૪૦ સેન્ટીમીટરના ટોકામક મશીનથી ૨૦ કરોડ ડિગ્રી તાપમાન પેદા કરવામાં સફળતા

બેંગલુરુ ,

ભારતની પ્રાઈવેટ ફ્યૂઝન રિસર્ચ ફર્મ પ્રનોસ ફ્યૂઝને કૃત્રિમ સૂર્ય બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે. ચીન, અમેરિકા, દક્ષિણ કોરિયા, જાપાન જેવા ઘણાં દેશો કૃત્રિમ સૂર્ય બનાવવાના પ્રયોગો કરી રહ્યા છે. હવે એમાં ભારતમાં થયેલા સંશોધનને પણ ગણતરીમાં લેવાશે. ભારતીય કંપનીએ કૃત્રિમ સૂર્યના પ્લાઝ્મા બનાવવાનો સૌપ્રથમ સફળ પ્રયોગ કરી બતાવ્યો છે.

ભારતીય સંશોધકોએ લગભગ આઠ મહિનાની મહેનત બાદ ટોકામક મશીન બનાવ્યું છે. એ મશીનનો ઉપયોગ પ્લાઝમા કંટ્રોલ કરવા માટે થાય છે. તે ઉપરાંત અન્ય ફ્યૂઝનને લગતી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ કૃત્રિમ સૂર્ય બનાવવામાં થાય છે. ૪૦ સેન્ટીમીટરના રેડિયન્સ ધરાવતા ટોકામક મશીનથી સંશોધકોએ પ્રજ્ઞા નામના આ સૂર્યનો સફળ પ્રયોગ કર્યો હતો.

૨૦ કરોડ ડિગ્રી સેન્ટીગ્રેડની ઉર્જા નિર્માણનો મહાપ્રયોગ સફળ થતાં હવે કંપનીએ નેટ એનર્જી રિએક્ટર બનાવવાનો લક્ષ્યાંક સેટ કર્યો છે. આ પ્રયોગમાં ગેસને એટલું ઊંચું તાપમાન આપવામાં આવે છે કે પ્લાઝ્મા બની જાય છે. આ લાવા જેવો ગરમ પ્લાઝ્મા ચુંબકીય બળથી કંટ્રોલ થાય છે.

પ્રજ્ઞાનો હેતુ અત્યારે વીજળી ઉત્પાદનનો નથી. અત્યારે માત્ર પરીક્ષણો થશે. જોકે, કંપનીની યોજના છે કે આ પ્રોજેક્ટ બે દશકા સુધી ચાલશે.

દર વર્ષે ત્રણ હજાર પ્લાઝ્મા શોટ લેવાનો ટાર્ગેટ છે. એનો અર્થ એ કે દરરોજ દસથી ૧૨ વખત પ્લાઝ્મા તૈયાર કરાશે. તેનાથી દેશમાં આર્ટિફિશિયલ સૂર્ય બનાવવાનો અને ફ્યૂઝન રિએક્ટરના નિર્માણનો માર્ગ મોકળો થશે. કંપનીના કહેવા પ્રમાણે ૨૦૨૭માં એક મેગ્નેટ રિએક્ટર બનાવી લેવાશે. તે પછી ૨૦૩૦ સુધીમાં ધરતી પર સૂર્ય હોય તે દિશામાં કામ શરૂ થશે.

# ચીનના શિપ યાર્ડ પર કાર્ગો જહાજમાં આગ, ૨૦ના મોત

શેનડોંગ,

ચીનના એક શિપ યાર્ડ પર કાર્ગો જહાજમાં આગ લાગવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ૨૦ લોકો માર્યા ગયાના અને પાંચ લોકો ઘાયલ થવાના અહેવાલ છે. આ અંગે મળતી માહિતી મુજબ પૂર્વ ચીનના શેનડોંગ પ્રાંતમાં આવેલા 'કિંગદાઓ બેઈહાઈ શિપયાર્ડ' ખાતે જાળવણી હેઠળ રહેલા વિદેશી ધ્વજવાળા કાર્ગો જહાજમાં ભીષણ આગ લાગી છે. આ દુર્ઘટનામાં મોટું નુકસાન પણ થયું છે.

આ ઘટનાની જાણ થતાં જ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડાપ્રધાન લી કિયાંગે ગુમ થયેલા લોકો માટે તાત્કાલિક શોધખોળ અને બચાવ કામગીરી શરૂ આદેશ આપ્યા છે. તેમજ ઘાયલોને તબીબી સારવાર પૂરી



પાડવા અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાના નિર્દેશો આપ્યા છે. ચીનની સરકારી ન્યુઝ એજન્સીએ જણાવ્યું કે આ દુર્ઘટનામાં જાન-માલનું ભારે નુકસાન થયું છે. જોકે, જાનહાનિની ચોક્કસ સંખ્યા કે આગ લાગવાના કારણ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# BRICS સમિટમાં વૈશ્વિક નેતાઓનું આગમન, પીએમ મોદીનો સ્વાગત સંદેશ

### સંમેલન દ્વારા વિશ્વ કલ્યાણની ભાવના સાથે વિવિધ વૈશ્વિક મુદ્દાઓ ઉપર સકારાત્મક અને સાર્થક ચર્ચાઓ કરવામાં આવશે: નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ખાતે ૧૮મા BRICS શિખર સંમેલનનો આજથી પ્રારંભ થયો છે, જે ૧૩ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ વૈશ્વિક મહાસંમેલનમાં ભાગ લેવા માટે દુનિયાભરના દિગ્ગજ નેતાઓ દિલ્હી પહોંચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ તમામ વૈશ્વિક મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે અને સકારાત્મક ચર્ચા થવાની પૂરી આશા વ્યક્ત કરી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે આગામી દિવસોમાં વિશ્વભરના અગ્રણી નેતાઓ BRICS સમિટ માટે એકત્ર થઈ રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સંમેલન દ્વારા વિશ્વ કલ્યાણની ભાવના સાથે વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર સકારાત્મક અને સાર્થક ચર્ચાઓ કરવામાં આવશે. આ સાથે જ પીએમ મોદીએ એક પ્રાચીન સંસ્કૃત શ્લોક ટાંકીને સારા લોકોની સંગતિ રાખવા, તેમજ સજ્જનો સાથે સંવાદ અને મિત્રતા સ્થાપિત કરવાનો મહત્ત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો છે.

### સંત શિરોમણી ગુરૂ રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મ જયંતિ નિમિત્તે

# સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યમાં વિવિધ સુચિત પ્રકલ્પો માટે રૂ. ૨૩૧ કરોડથી વધુની રકમ ફાળવવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા



## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું નિવેદન

અમદાવાદ,
૧૫મી ગુજરાત વિધાનસભાના ૯માં સત્રના બીજા દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અંતર્ગત એક મહત્વપુર્ણ નિવેદન કર્યુ હતું.

સંત શિરોમણી ગુરૂ રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મ જયંતિ નિમિત્તે રાજ્યમાં સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સુચિત પ્રકલ્પો માટે રૂ. ૨૩૧ કરોડથી વધુની રકમ ફાળવવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા તેમણે આ નિવેદનમાં વ્યક્ત કરી હતી.

વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું અક્ષરસઃ નિવેદન

વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં આ વર્ષે સંત શિરોમણિ ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ સામાજિક એકતા અને સમરસતાના ઐતિહાસિક મહોત્સવ તરીકે ઉજવાઈ રહી છે.

આદરણીય વડાપ્રધાનશ્રીએ ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને વિરાસતને 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રથી વિશ્વ સમક્ષ નવી ઓળખ આપી છે. એટલું જ નહિ, હજારો વર્ષ જૂની પરંપરાઓને આધુનિક યુગ સાથે જોડીને તેમણે ભારતના સાંસ્કૃતિક વૈભવને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે.

૨૦૨૬ના આ વર્ષમાં સોમનાથ સ્વાભિમાન પર્વ જેવા ઐતિહાસિક ઉત્સવથી ૧૦૦૦ વર્ષની અટલ આસ્થા અને પુનરુત્થાનની યાત્રાને યાદ કરીને વિશ્વભરમાં સનાતન ધર્મનું ગૌરવ ફરી વખત શ્રી મોદી સાહેબની પ્રેરણાથી ઉજાગર થયું છે.

આપણું સદભાગ્ય છે કે આ જ વર્ષે સંત શિરોમણિ ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ અંતર્ગત સમરસતા સંકલ્પ અભિયાન પણ ઉજવાઈ રહ્યું છે.

ગુરુ રવિદાસજી મહારાજ એક સંતની સાથે સાથે સમાનતા, સામાજિક ન્યાય, પ્રેમ, કરુણા અને માનવતાના પ્રણેતા હતાં.

# ગુજરાત સરકારના ઉર્જાવાન કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીનો આજે જન્મદિવસ



ગુજરાત સરકારના પ્રવક્તા અને કેબીનેટ મંત્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ તેમજ ભાવનગર પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારના ભાજપના સક્રિય અને ઊર્જાવાન ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીનો આજે તારીખ ૧૧ સપ્ટેમ્બરના જન્મદિવસ છે. તેઓ ભાવનગરના પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે સક્રિય રીતે પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને મતદારોમાં લોકપ્રિયતા ધરાવે છે, ભાજપ સંગઠનમાં અગાઉ પ્રદેશની ધુરા સંભાળી ચૂક્યા છે. જીતુ વાઘાણી ધારાસભ્ય ઉપરાંત એક દિલેરી દાતા તરીકે પણ જાણીતા છે. આજે તેમના જન્મદિવસને યાદગાર અને લોકપયોગી બનાવવા માટે સર્વરોગ નિદાન કેમ્પ તેમજ શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓમાં મિષ્ટાન ભોજન જમાડવાનું આયોજન અને વૃક્ષારોપણ સહીતના સામાજીક કાર્યો થઈ રહ્યા છે. જીતુભાઈ વાઘાણી પર આજ સવારથી જ જન્મદિવસની શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. ભાવનગરના અગ્રણી ઔધોગિક જૂથ 'લીલા ગ્રુપ ઓફ કંપની'ના ચેરમેન કોમલકાંત શર્મા અને મીડિયા હાઉસ 'સૌરાષ્ટ્ર આસપાસ' 'સૌરાષ્ટ્ર આજતક' તથા 'શો ટાઈમ' પરિવારે તેમને જન્મદિવસની શુભચ્છાઓ પાઠવી છે.

# અમદાવાદમાં એક્સપ્રેસ-વે ટોલ પ્લાઝા નજીક બસમાંથી રૂ. ૨૫ લાખનું એમડી ડ્રગ્સ ઝડપાયું




અમદાવાદ,
અમદાવાદના રામોલ વિસ્તારમાં વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે ટોલ નાકા નજીક લકઝરી બસમાં ઈન્દોરથી ૨૫.૩૦ લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ લઈને આવેલા યુવકને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી અમદાવાદના યુવકને આ ડ્રગ્સની ડિલિવરી કરવાનો હતો, જેના તેને ૬ હજાર રૂપિયા મળવાના હતા. આ મામલે પોલીસે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી ડ્રગ્સ મોકલનાર તથા મંગાવનાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રામોલ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે બાતમી મળી હતી કે, નડિયાદ તરફથી આવી રહેલી ખાનગી બસમાં એક શખસ નશીલા પદાર્થ સાથે અમદાવાદ આવી રહ્યો છે. પોલીસે ટોલ પ્લાઝા નજીક વોચ ગોઠવી બસને રોડ સાઈડ કરાવી હતી.

# હવે ટેકનોલોજીની મદદથી એક કીકી/દાન દ્વારા ૩ થી ૪ વ્યક્તિઓની દ્રષ્ટિહીનતા દૂર કરી શકાશે

## ઓર્ગન ડોનેશનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે જે આપણા માટે ગૌરવ -આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

ગાંધીનગર,
ઓર્ગન ડોનેશનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે તેની સાથે સાથે સુરત જિલ્લો ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે, કારણ કે કુલ જે ચક્ષુદાન મળ્યા છે, તેમાં આશરે ૨૩ ટકા જેટલા એકલા સુરત જિલ્લામાંથી મળ્યા છે જે આપણા માટે ગૌરવ સમાન છે? તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાએ વધુ વિગતો આપતાં ગૃહમાં કહ્યું હતું કે, ઓર્ગન ડોનેશન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે ગુજરાત એ ભારતમાં નંબર વન કામગીરી કરી રહ્યું છે, ત્યારે થોડા સમય પહેલાં નવી દિલ્હી ખાતે ઓર્ગન ડોનેશન-ટ્રાન્સપ્લાન્ટ કરનારી સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતની સિવિલ હોસ્પિટલ અમદાવાદ, કિડની હોસ્પિટલ અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ સુરતને સવર્શ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરવામાં આવેલ, જે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સફળતા છે.

તેમણે કહ્યું કે, સુરત જિલ્લાની અંદર વર્ષોથી આઈ ડોનેશન (ચક્ષુદાન) અંગે ખૂબ જાગૃતિ આવી છે અને એમાં ખૂબ સારી કામગીરી થઈ રહી છે. તેમાં સરકારી મેડિકલ કોલેજ / સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૨ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન-સ્મિમેર હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૭ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૨ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.

જ્યારે દિવ્ય ચક્ષુ આઈ બેંક (દિવ્ય જ્યોત ટ્રસ્ટ) વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૯૩ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૯૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત, લોકદ્રષ્ટિ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૭૬ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૨૯ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.આમ, ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં કુલ ૧૪૬૮ અને ૨૦૨૫-૨૬માં કુલ ૧૧૭૭ ચક્ષુદાન આ સંસ્થાઓને પ્રાપ્ત થયા છે.

તેમણે કહ્યું કે, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ છ સરકારી હોસ્પિટલમાં કરવામાં આવે છે. ચક્ષુદાનમાં પ્રાપ્ત થતા ૧૦૦માંથી ૨૦ થી ૩૦ કોર્નિયા જ ટ્રાન્સપ્લાન્ટ માટે ઉપયોગી થઈ શકે છે. આ ટ્રાન્સપ્લાન્ટ કરવાથી શોર્ટ ટર્મમાં (૧ થી ૨ વર્ષના ટૂંકા ગાળામાં) ૧૦૦ ટકા સફળતા મળે છે, મિડ ટર્મમાં ૮૦ ટકા અને લાંબા ગાળે ૬૦ થી ૭૦ ટકા સફળતા પ્રાપ્ત થાય છે. આરોગ્ય મંત્રી શ્રીએ કહ્યું હતું કે, અગાઉ એવું હતું કે એક કીકી માત્ર એક જ દર્દીને ટ્રાન્સપ્લાન્ટ કરી શકાતી હતી.

# અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લીકેટ પ્રોડક્ટ્સ વેચતી ત્રણ દુકાનો પર પોલીસના દરોડા

અમદાવાદ,
બ્રાન્ડેડ વસ્તુઓના નામે લોકોને છેતરતી દુકાનો સામે પોલીસે લીધી એક્શન. શહેરમાં નકલી બ્રાન્ડેડ પ્રોડક્ટ્સના વેચાણ પર અંકુશ લાવવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચે સઘન કાર્યવાહી હાથ ધરી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લીકેટ પ્રોડક્ટ્સ વેચતી ત્રણ દુકાનો પર પોલીસે દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસને મોટી સફળતા મળી હતી.


લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ ?૫ લાખની કિંમતનો ડુપ્લીકેટ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા માલસામાનમાં નકલી સ્લીપર, ટ્રેક પેન્ટ અને ટી-શર્ટનો સમાવેશ થાય છે, જે જાણીતી બ્રાન્ડ્સના નામે વેચવામાં આવી રહ્યા હતા.

પોલીસે આ કેસમાં નકલી પ્રોડક્ટ્સ વેચવાના આરોપસર ત્રણ વેપારીઓની ધરપકડ પણ કરી છે. આ વેપારીઓ સામે કોપીરાઈટ અને ટ્રેડમાર્કના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે અને ગુનો નોંધવામાં આવ્યો છે.

આ દરોડાથી નકલી માલ વેચનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ દ્વારા આવા ગેરકાયદેસર ધંધાઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે અને ભવિષ્યમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. ગ્રાહકોને પણ નકલી પ્રોડક્ટ્સથી બચવા માટે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# વિસાવદર માટે બાયપાસ રોડની કામગીરીના પ્રથમ તબક્કાના કામ માટે ૨૦ કરોડ રૂપિયા મંજૂર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ પ્રજાહિતલક્ષી નિર્ણય



વિસાવદર,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જુનાગઢ જિલ્લાના વિસાવદર શહેર ફરતે બગસરા, જેતપુર સ્ટેટ હાઈવેથી વિસાવદર, સતાધાર, સાસણગીર સ્ટેટ હાઈવે સુધી બાયપાસ રોડ બનાવવાની બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટે ૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બાયપાસ રોડ નિર્માણ માટે સ્થાનિક પદાધિકારીઓ અને વિસાવદરના નગરજનોએ કરેલી રજૂઆતનો તેમણે ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપીને આ રકમ મંજૂર કરી છે.

વિસાવદર શહેર ફરતે બાયપાસ બનાવવાની કામગીરી અંતર્ગત પ્રથમ તબક્કે બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓમાં જમીન, સંપાદન, યુટીલીટી શિફ્ટિંગ, ડી.પી.આર. વગેરે કામગીરી માટે આ રકમ ઉપયોગમાં લેવાશે

વિસાવદર શહેરની નજીકમાં સતાધાર યાત્રાધામ, સાસણગીર ફોરેસ્ટ, પૌરાણિક કનકેશ્વરી મંદિર તેમજ રૂપલમાં ધામ રામપરા, નાગબાઈ મંદિર રામપરા અને સંત શ્રી રોહીદાસ મંદિર સરસઈ જેવા પ્રસિદ્ધ તીર્થ સ્થળો અને પ્રવાસન ધામો આવેલા છે. આ યાત્રાધામોના દર્શને લાખો શ્રદ્ધાળુ આવે છે.

એટલું જ નહીં, અમરેલીથી સોમનાથ જવા માટેનો મેઈન રોડ વિસાવદર માંથી પસાર થાય છે તે ઉપરાંત બગસરા, જેતપુર, ધારી, સાવરકુંડલા તેમજ વિસાવદર, સતાધાર અને જુનાગઢ, મેંદરડા, કેશોદ સ્ટેટ હાઈવે પણ વિસાવદર માંથી પસાર થાય છે.

# ચોટીલામાંથી પકડાઈ ૩૧ હજારથી વધુ દારૂની બોટલ, સવા કરોડનો માલ જપ્ત

સુરેન્દ્રનગર,
ગુજરાતમાં દારૂબંધી તો છે પણ માત્ર કાગળ પર અને તેનો જીવતો ગાજતો પુરાવો છે ચોટીલામાંથી પકડાયેલો મસમોટો દારૂનો જથ્થો. ચોટીલામાં હાઈવે પરથી પોલીસે સવા કરોડ રૂપિયાની કિંમતની ૩૧ હજાર કરતા પણ વધુ દારૂની બોટલ જપ્ત કરી છે.

સુરેન્દ્રનગર પોલીસના ડીવાય એસપી પાર્થ પરમારના જણાવ્યા અનુસાર, સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, મોટી માત્રામાં દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે ચોટીલા લોકલ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ અમદાવાદ-રાજકોટ હાઈવે પર રાસ્કા બોડિયા ગામના પુલ પાસે પેટ્રોલિંગમાં હતી, ત્યારે જ એક દારુ ભરેલી ટ્રક ત્યાંથી પસાર થઈ હતી. પોલીસને શંકા જતા આ ટ્રકની તપાસ કરવામાં આવી હતી.

આ શંકાસ્પદ ટ્રકની તપાસ દરમિયાન પોલીસ ૩૧ હજાર ૪૫૨ જેટલી દારૂની બોટલ મળી આવી હતી. આ દારૂની બોટલોનો કુલ કિંમત અંદાજિત એક કરોડ રૂપિયાથી પણ વધુ થાય છે. પોલીસે કુલ ૧.૨૬ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ કાર્યવાહી કરી છે.

દારુ ભરેલી ટ્રક ચલાવનારા ડ્રાઈવર જુન્જારામ ગોદારાની પોલીસે ધરપકડ કરી છે. ડ્રાઈવર જુન્જારામ મૂળ રાજસ્થાનનો રહેવાસી છે. આરોપીની પૂછપરછ દરમિયાન એવી હકીકત સામે આવી હતી કે, મૂળ નાસિકના રહેવાસી રમેશકુમાર નામના શખ્સે દારૂનો જથ્થો મોકલ્યો હતો. પોલીસે ડ્રાઈવર જુન્જારામ ઉપરાંત રમેશકુમાર અને અન્ય એક ઈસમ સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

# ગુજરાત રાજ્યના જીએસટી કાયદામાં સુધારા માટેનું વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર

## ૫૬મી GST કાઉન્સિલની ભલામણોના આધારે 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપતા માળખાકીય સુધારા કરાયા

ગાંધીનગર,
નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જી.એસ.ટી. કાઉન્સિલની ૫૬મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ સાથે સુસંગતતા જાળવી ગુજરાત રાજ્યના જી.એસ.ટી. સુધારા વિધેયક રજૂ કર્યું હતું. જેને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.

આ સુધારા વિધેયકની જરૂરિયાત અંગે નાણામંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વન નેશન, વન ટેક્સ'ના સંકલ્પ સાથે ૧ જુલાઈ, ૨૦૧૭થી જી.એસ.ટી. કાયદો અમલમાં આવ્યો. જેનાથી દેશની અપ્રત્યક્ષ કર વ્યવસ્થામાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું.

તેમણે કહ્યું કે જી.એસ.ટી. કાયદામાં કરવામાં આવેલા સરળીકરણના પરિણામે ગત નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ૯૯.૬ ટકા રિટર્ન નિયમિત સમયમર્યાદામાં ભરાયું છે. જે રાષ્ટ્રીય સરેરાશથી સૌથી વધુ છે. ગુજરાત રાજ્યના કરદાતાઓ સમયસર રિટર્ન ભરવાની બાબતમાં સમગ્ર દેશમાં છેલ્લાં ૫ વર્ષથી પ્રથમ ક્રમે છે.

તેમણે જણાવ્યું કે જી.એસ.ટી. ૨.૦ હેઠળ વેરાના દરમાં સુધારાઓ થકી સામાન્ય નાગરિકોને રાહત આપવામાં આવી છે. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવાર માટે વપરાતી દવાઓ, વ્યક્તિગત મેડિક્લેમ અને વ્યક્તિગત જીવન વીમા પ્રીમિયમને જી.એસ.ટી.માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.

જ્યારે બટર, ઘી, સાબુ, શેમ્પૂ, ખેતી માટેના ટ્રેક્ટર અને તેના પાર્ટ્સ, બિયારણ સાધનો, અન્ય મશીનરીઓ, સ્ટેશનરી, વોટર કલર તેમજ રમત-ગમતના સાધનો વગેરે પર વેરાના દરો ઘટાડવામાં આવ્યા છે.

વેરાના દરોમાં મુક્તિ આપવા અને ઘટાડો કરવા છતાં રાજ્યની આવકનો વૃદ્ધિ દર જળવાઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

# પોક્સો અદાલતો દ્વારા ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં ૧,૭૮૫ ચુકાદા, ૯૦૮ને આજીવન કેદ અને ૧૬ને ફાંસી

## ગુજરાતમાં દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા કોઈપણ નરાધમ માટે કોઈ દયા કે છૂટછાટ હોઈ જ ન શકે : નાયબ મુખ્યમંત્રી



ગાંધીનગર,
રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પોક્સો અદાલતો દ્વારા કુલ ૧૭૮૫ ચુકાદા આપવામાં આવ્યા છે. જેમાં ૯૦૮ ગુનેગારોને આજીવન કેદ અને ૧૬ નરાધમોને ફાંસીની સજા ફટકારવામાં આવી છે. અદાલતી ચુકાદાઓની સંખ્યામાં વર્ષ દર વર્ષે નોંધપાત્ર વધારો થયો છે જેમાં વર્ષ ૨૦૨૨માં ૧૯૪ ચુકાદામાં ૧૦૭ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૫માં ૪૯૯ ચુકાદામાં ૩૪૦ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૬ ઓગસ્ટ સુધીમાં એટલે કે ચાલુ વર્ષે આઠ મહિનામાં ૩૪૬ ચુકાદામાં ૨૪૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નોંધનીય છે કે, માત્ર ઓગસ્ટ મહિનાના એક જ મહિનામાં ૪૮ પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા છે તે પૈકી ૩૫ને આજીવન કેદની સજા ફટકારાઈ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, "ગુજરાતમાં દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા કોઈપણ નરાધમ માટે કોઈ દયા કે છૂટછાટ હોઈ જ ન શકે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે પોસ્કો કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ્સ અને સુદ્રઢ કાયદાકીય માળખું ઊભું કર્યું છે, જેના પરિણામે આજે પીડિતા અને તેના પરિવારને મહિનાઓ કે વર્ષો નહીં પરંતુ ગણતરીના દિવસોમાં ઝડપી ન્યાય મળી રહ્યો છે. માત્ર ૭૨ કલાકમાં ચાર્જશીટથી ચુકાદા સુધી પહોંચવું એ ગુજરાત પોલીસની ઉત્કૃષ્ટ અને વૈજ્ઞાનિક તપાસ તેમજ ન્યાયતંત્રના કડક અને પ્રશંસનીય અભિગમનું પરિણામ છે. હું ગુજરાત પોલીસ અને ન્યાયતંત્રને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. અમારો સ્પષ્ટ સંકલ્પ છે કે આવા ગુનેગારોને સમાજમાં દાખલો બેસે તેવી કડકમાં કડક સજા અપાવીને જ જંપીશું."

રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું છે કે, આ પ્રકારના કેસોમાં અત્યંત સંવેદનશીલતાની સાથે સાથે જરૂરી ઝડપ અને કડકાઈ દાખવીને પોલીસ દ્વારા ઈન્વેસ્ટિગેશન કરવામાં આવે છે.

# અમદાવાદ સિવિલના તબીબોની કમાલ: ૭૨ દિવસની સઘન સારવાર બાદ રાજસ્થાનના ૨૨ વર્ષીય યુવાનને મળ્યું નવજીવન

## ખાનગીમાં લાખો રૂપિયામાં થનાર જટિલ સારવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થઈ સંપૂર્ણ મફત

અમદાવાદ,
રાજસ્થાનના રાજસમંદના ૨૨ વર્ષીય યુવાન વિનોદ સોહનલાલ રેગરને ગંભીર ટિટેનસ(ધનુર)ની બીમારી સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અત્યંત નાજુક સ્થિતિમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જ્યાં સમયસર નિદાન, શ્રેષ્ઠ મેડિકલ સ્ટાફની સતત દેખરેખ અને રાજ્ય સરકાર સંચાલિત અમદાવાદ સિવિલ હોસ્પિટલના ઉમદા તબીબી કાર્યના પરિણામે તમામ જટિલતાઓને પાર કરીને દર્દી પૂર્ણપણે સ્વસ્થ થતાં તેમને નવજીવન સાંપડ્યું છે.

સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, દર્દીને તા. ૨૬ જૂન, ૨૦૨૬ના રોજ મેડિસિન યુનિટ-૨માં દાખલ કરવામાં આવ્યા હતા. યુનિટ વડા અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. દર્શના મકવાણા તથા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. લલિત સોલંકીના માર્ગદર્શન હેઠળની તબીબી ટીમે તાત્કાલિક જરૂરી સારવાર શરૂ કરીને દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાને રાખીં ઝેંમાં ખસેડ્યા હતા. દર્દી જ્યારે હોસ્પિટલમાં આવ્યા ત્યારે તેમને ટિટેનસના કારણે મોં ન ખૂલવું તથા શરીરમાં તીવ્ર અકડાઈ જવાની ગંભીર સમસ્યાઓ હતી. દર્દીને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી તાત્કાલિક ટ્રેકિયોસ્ટોમી કરીને લાંબા સમય સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. આ સારવાર દરમિયાન દર્દી સામે કિડની અને લીવરને નુકસાન, લાંબા સમય સુધી પથારીવશ રહેવાના કારણે બેડસોર તથા વેન્ટિલેટર-સંબંધિત ન્યુમોનિયા જેવી અનેક જટિલ સમસ્યાઓ ઊભી થઈ હતી. ખાનગી હોસ્પિટલમાં આવી જટિલ અને ૭૨ દિવસની લાંબી ICU સારવાર માટે લાખો રૂપિયાનો મોટો ખર્ચ થતો હોય છે, પરંતુ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રાજ્ય સરકારના અભિગમ હેઠળ દર્દીને તમામ સપોર્ટિવ કેર, ગળાની સર્જરી, અદ્યતન વેન્ટિલેટર સુવિધા અને મોંઘા ટાર્ગેટેડ એન્ટિબાયોટિક્સ સહિતની તમામ સારવાર તદ્દન મફત પૂરી પાડવામાં આવી હતી. અંદાજે ૬૦ દિવસ (બે મહિના) ICUમાં જીવન-મરણ વચ્ચે ઝઝૂમ્યા બાદ દર્દીની સ્થિતિ સ્થિર થતાં તેમને જનરલ વોર્ડમાં ૧૨ દિવસ માટે ખસેડવામાં આવ્યા હતા. આમ કુલ ૭૨ દિવસના હોસ્પિટલ રોકાણ અને અવિરત તબીબી દેખરેખ બાદ તબિયતમાં સંતોષકારક સુધારો થતાં અંતે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દર્દી વિનોદને સફળતાપૂર્વક ડિસ્ચાર્જ આપવામાં આવ્યું હતું.

# ધ્રોલના ઐતિહાસિક ભૂચરમોરી મેળામાં માનવ મહેરામણ ઊમટ્યો





ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ નજીક આવેલ ઐતિહાસિક ભૂચર મોરી મેદાન ખાતે નગરપાલિકા આયોજિત ત્રણ દિવસીય ભવ્ય લોકમેળામાં ભારે જનમેદની ઉમટી પડી છે. પ્રથમ દિવસે મેઘરાજાના આગમનથી વિઘ્ન સર્જાયા બાદ બીજા દિવસે મેળો સોળે કળાએ ખીલી ઊઠ્યો હતો. રાત્રિના આઠ વાગ્યાની આસપાસ ચકડોળ અને

## રાઈડ્સ શરૂ થતાં જ રંગત જામી: દેવપગલી અને હેતલ રબારીના સૂર પર ખેલૈયા ઝૂમ્યા; આજે અંતિમ દિવસે હાસ્ય કલાકાર હકાભા ગઢવી રમઝટ બોલાવશે

રાઈડ્સની વહીવટી મંજૂરી મળતાં જ લોકોનો ઉત્સાહ બેવડાયો હતો અને હજારો પરિવારો મેળાની મોજ માણવા ઊમટી પડ્યા હતા.

ધ્રોલમાં પહેલીવાર મેળાની સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગત રાત્રે જાણીતા લોકગાયક દેવ પગલી અને હેતલબેન રબારીએ રાસ-ગરબાની જમાવટ કરી મોડી રાત સુધી લોકોને ડોલાવ્યા હતા. ઝગમગતી રોશની અને ધ્રોલ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે લોકોએ સુરક્ષિત માહોલમાં મેળાનો આનંદ લીધો હતો.

નગરપાલિકા દ્વારા મોરબીની અમર એન્ટરપ્રાઈઝને રૂ. ૨૫ લાખમાં હરાજીથી સોંપાયેલા આ મેળાને સફળ બનાવવા પાલિકા પ્રમુખ વિજયભાઈ વાઘેલા, ઉપપ્રમુખ રંજનબેન દલસાણીયા, કારોબારી અધ્યક્ષ સુરેશભાઈ ગોસાઈ, ચીફ ઓફિસર ગીરીશભાઈ સરૈયા સહિતના સભ્યો અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી છે. આજે મેળાના અંતિમ દિવસે સાંજે લોકપ્રિય હાસ્ય કલાકાર હકાભા ગઢવી રંગત જમાવશે, જેને લઈને નગરજનોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ઢીંચડા પાસેથી ખાણ-ખનિજ વિભાગની રૂ.૧.૮૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની સૂચના હેઠળ ખાણ-ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદે અને બિનઅધિકૃત ખનિજ વહન સામે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન બે દિવસમાં કુલ પાંચ ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં કુલ આશરે રૂ.૧.૮૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

તા.૯ સપ્ટેમ્બરના રોજ ભૂસ્તરશાસ્ત્રીશ્રી, જામનગરની સૂચનાથી ઢીંચડા રોડ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સિલિકા સેન્ડ ખનિજનું બિનઅધિકૃત રીતે વહન કરતા કુલ ત્રણ ડમ્પર મળી આવતા તેને જપ્ત કરવામાં આવ્યા હતા. ત્રણેય ડમ્પરની અંદાજિત કિંમત સહિત કુલ રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે જામનગર સીટી-સી પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત તા.૮ સપ્ટેમ્બરના રોજ દરેડ જીઆઈડીસી વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન બ્લેકટ્રેપ ખનિજનું ઓવરલોડ પરિવહન કરતા બે ડમ્પર ઝડપાયા હતા. બંને ડમ્પર સહિત આશરે રૂ.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પંચ-બી પોલીસ સ્ટેશન ખાતે કબજો સોંપવામાં આવ્યો હતો. આમ, ખાણ-ખનિજ વિભાગ દ્વારા માત્ર બે દિવસમાં કુલ પાંચ ડમ્પર ઝડપી પાડી આશરે રૂ.૧.૮૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે ખાણ-ખનિજ વિભાગ દ્વારા નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી તપાસ ટીમના નિખીલભાઈ, આનંદભાઈ અને રજનીકાંતભાઈ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# જામનગર જિલ્લામાં જુગારના આઠ સ્થળે દરોડામાં ૫૦થી વધુ શખ્સો ઝડપાયા


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : શ્રાવણ માસનો આજે અંતિમ દિવસ હોવા છતાં જુગારની લત ધરાવતા તત્વોની પ્રવૃત્તિ અટકી ન હતી. શ્રાવણના અંતિમ દિવસે પણ જુગાર રમતા શખ્સો સામે જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જુદા-જુદા સ્થળોએ દરોડા પાડવામાં આવતા મોટી સંખ્યામાં જુગારીઓ ઝડપાયા હતા.

જામનગર શહેરના સિટી 'એ' વિભાગ પોલીસ મથક હેઠળ હવાઈચોક ભાનુશાળીવાડ વિસ્તારમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સો પાસેથી રૂ.૧૦,૩૫૦ની રોકડ તથા ગંજીપાનાં કબજે કરવામાં આવ્યાં હતાં. જ્યારે સિટી 'બી' વિભાગ પોલીસે રામેશ્વરનગર વિસ્તારમાં દરોડો પાડી મહિલાઓ સહિત આઠ શખ્સોને રૂ.૧૯,૨૦૦ની રોકડ સાથે ઝડપી કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત હીરાસરવાસ વિસ્તારમાં તીનપત્તીનો જુગાર રમતા ૧૩ શખ્સો પાસેથી રૂ.૧૫,૬૮૦ની રોકડ તથા બેડેશ્વર-પાણાખાણ વિસ્તારમાં સાત શખ્સોને રૂ.૧૧,૪૨૦ની રોકડ સાથે ઝડપી લેવાયા હતા. નવાગામઘેડ વિસ્તારમાં પણ તીનપત્તીના જુગાર પર દરોડો પાડી સાત શખ્સોને રૂ.૧૧,૨૩૦ની રોકડ સાથે ઝડપી લેવાયા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં પણ પોલીસની કાર્યવાહી ચાલુ રહી હતી.

શેઠવડાળા પોલીસ દ્વારા મેથાણ ગામે જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂ.૧૬,૬૦૦ની રોકડ સાથે ઝડપી લેવાયા હતા. પંચકોશી 'બી' વિભાગ પોલીસે ખોજાબેરાજા ગામે દરોડો પાડી ચાર શખ્સોને રૂ.૨૧,૧૯૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા, જ્યારે અન્ય ચાર શખ્સો નાસી છૂટ્યા હતા. પંચકોશી 'એ' વિભાગ પોલીસે મિયાત્રા ગામની સીમમાં જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઈ તેમની પાસેથી રૂ.૫૧,૩૦૦ની રોકડ કબજે કરી હતી. આમ, શ્રાવણ માસના અંતિમ દિવસે જ જામનગર શહેર-જિલ્લામાં પોલીસે જુગારના અનેક અડ્ડાઓ પર દરોડા પાડી મોટી સંખ્યામાં જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે જુગારધારા હેઠળ ગુના નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લાલપુરના ગજણા નજીક ફોરવ્હીલરે મોટરસાઈકલને ટક્કર મારતાં દંપતી ઘાયલ

જામનગર : લાલપુર તાલુકાના ગજણા ગામની આગળ પાછળથી પૂરઝડપે આવેલી સફેદ રંગની ફોરવ્હીલરે મોટરસાઈકલને ટક્કર મારતાં દંપતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં પતિને બંને હાથમાં ફ્રેક્ચર ઉપરાંત માથા તથા જડબાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, જ્યારે પત્નીને ડાબા પડખા સહિત શરીરે ઈજાઓ થતાં જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

આ અંગે લાલપુર પોલીસ મથકમાં રાહુલભાઈ બિજલભાઈ પીંગળસુર, ઉ.વ.૨૬, રહે. સિદ્ધિવિનાયક સોસાયટી, વાણંદ સમાજની બાજુમાં, લાલપુરે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમના માતા સતીબેન ઉ.વ.૫૦ અને પિતા બીજલભાઈ ખીમાભાઈ પીગળસુર ઉ.વ.૫૨ મોટરસાઈકલ નં. જીજે-૧૦-ડીડી-૨૦૩૦ લઈને બહેનના ઘરેથી બેડ ગામ તરફ જઈ રહ્યા હતા.

દરમિયાન ગજણા ગામની આગળ પહોંચ્યા ત્યારે પાછળથી પૂરઝડપે આવેલી સફેદ રંગની ફોરવ્હીલરે તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના પગલે બંને રોડ પર પટકાયા હતા. રાહદારીઓએ ૧૦૮ને જાણ કરતાં બંનેને પ્રથમ લાલપુર સરકારી દવાખાને લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી ફોરવ્હીલર ચાલક સ્થળ પરથી નીકળી ગયો હોવાથી લાલપુર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ હિતેશ ખીમાભાઈ બેરાને તપાસ સોંપી છે.

# જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીમાં રૂા.૩૯૯.૩૧ કરોડના કામો મંજૂર



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક તા.૧૦ સપ્ટેમ્બરના રોજ ચેરમેન પીરેનકુમાર મોનાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં કમિટીના કુલ ૮ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી એન્જિનિયર ભાવેશભાઈ જાની અને આસીસ્ટન્ટ કમિશનર (વ.) મુકેશભાઈ વરણવા ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં સ્ટેટ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત જામનગર સિવિલ ગાર્ડન શાખા માટે હાઈડ્રોલિક બે ટ્રીમિંગ મશીન ખરીદવા તેમજ ત્રણ વર્ષ માટે એજન્સી મારફત બે ડ્રાઈવર ઉપલબ્ધ કરાવવાના કામ માટે રૂા.૩૫.૮૪ લાખના ખર્ચની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. લોકભાગીદારી યોજના અંતર્ગત વોર્ડ નં.૧૧માં ગોકુલ હોન્ડા શો-રૂમથી તીર્થ રેસિડેન્સી તથા રાજમોતી બંગ્લોઝ તરફ જતા ટી.પી. સ્કીમ નં.૬માં સીસી રોડ બનાવવાના કામની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ની આંતરમાળખાકીય સુવિધા ગ્રાન્ટ અંતર્ગત રૂા.૨૭૭.૩૯ કરોડના કામોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. જ્યારે શહેરી સડક યોજના હેઠળ રૂા.૫૨.૪૪ કરોડના તથા આઉટ ગ્રોથ વિસ્તારના કામો માટે રૂા.૬૯.૦૧ કરોડના કામોનો પણ સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૫-૨૬ની આંતરમાળખાકીય સુવિધાની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં.૨ ખાતે ગાંધીનગર સ્મશાનની કમ્પાઉન્ડ વોલના કામમાં બચત રકમમાંથી વધારાના કામ માટે રૂા.૩.૨૨ લાખના ખર્ચની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી.


ડામર રોડ અથવા સીસી રોડના કામ દરમિયાન હાલની પાણીની લાઈન બદલાવવાની થાય ત્યારે વોટર કનેક્શન ટ્રાન્સફર કરવા અંગેની દરખાસ્તને ભલામણ સાથે જનરલ બોર્ડમાં રજૂ કરવા મંજૂરી આપવામાં આવી હતી. શ્રાવણી લોકમેળો-૨૦૨૬ અંતર્ગત સ્ટેજ મંડપના કામ માટે રૂા.૧૦.૭૨ લાખના ખર્ચની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ અંદાજિત રૂા.૩૯૯.૩૧ કરોડના કામોને લગતી દરખાસ્તો પર નિર્ણય લેવાયો હતો. જેમાં રૂા.૩૯૮.૮૧ કરોડના કામોનો સૈદ્ધાંતિક સ્વીકાર અને રૂા.૫૦ લાખની ખર્ચ મંજૂરીનો સમાવેશ થાય છે.

## ઓખા નગરપાલિકાનાં વિકાસના ખાડામાં સલામતી ગાયબ!

# આરંભડા ગામે રોડની વચ્ચે ચાર ફૂટ સુધીનું ભયજનક ખોદકામ ખુલ્લું!

### બેરિકેડ અને ભયસૂચક બોર્ડ વિના કામગીરીથી રહેવાસીઓમાં રોષ : અકસ્માતને નિમંત્રણ



તસવીર : બુધાભા ભાટી

ઓખા : ઓખા નગરપાલિકાના આરંભડા વિસ્તારની જય અંબે સોસાયટીમાં વરસાદી પાણીનાં નિકાલ માટે કેનાલ બનાવી તેમાં પાઈપ ફિટ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. વિકાસનાં આ કામ વચ્ચે જાહેર સલામતીની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, રોડની વચ્ચે મશીનરીથી ખોદકામ કરી આશરે ચાર-ચાર ફૂટ ઊંડી નાળીઓ તૈયાર કરવામાં આવી છે, પરંતુ ખોદકામવાળા સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નથી. રહેણાક વિસ્તારની વચ્ચે ઊંડા ખાડા ખોદીને તેને ખુલ્લા મૂકવામાં આવતા રાહદારીઓ, વાહનચાલકો, વૃદ્ધો અને બાળકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. ખાસ કરીને રાત્રિના સમયે ખોદકામ દેખાય નહીં તો કોઈ વ્યક્તિ કે વાહન ખાડામાં ખાબકી ગંભીર અકસ્માતનો ભોગ બની શકે તેવી દહેશત રહેવાસીઓ વ્યક્ત કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, જાહેર રસ્તા પર ખોદકામ કરવામાં આવે ત્યારે લોકોની અવરજવર સુરક્ષિત રહે તે માટે બેરિકેડ, ભયસૂચક બોર્ડ, દિશાસૂચક નિશાન, રિફ્લેક્ટર તથા રાત્રિના સમયે યોગ્ય લાઈટિંગ જેવી સાવચેતી રાખવી જરૂરી છે. જોકે જય અંબે સોસાયટીમાં ચાલી રહેલી કામગીરી દરમિયાન આવી વ્યવસ્થાઓના અભાવ અંગે સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. રહેવાસીઓમાં હવે સવાલ ઉઠી રહ્યો છે કે વિકાસના કામની સાથે લોકોની સલામતીની જવાબદારી કોણ નિભાવશે? કોન્ટ્રાક્ટર દ્વારા મજૂરો અને મશીનરીથી કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ કામ દરમિયાન નગરપાલિકાનાં જવાબદાર અધિકારી કે ઈજનેરની પૂરતી દેખરેખ રહે છે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. વિકાસનાં નામે લોકોની સુરક્ષા

# જામનગરના દગડુશેઠ ગણપતિ મહોત્સવની ચાલતી તૈયારીઓ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ગણેશોત્સવની આગવી ઓળખ ઊભી કરનાર શ્રી દગડુશેઠ ગણપતિ સાર્વજનિક મંડળ દ્વારા છેલ્લા ૩૪ વર્ષથી અવિરત રીતે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ભક્તિ, આસ્થા, કલાત્મકતા અને સામાજિક એકતાના અનોખા સંગમ સમાન આ ગણેશ મહોત્સવની આ વર્ષે પણ ભવ્ય તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

દર વર્ષની પરંપરા જાળવી રાખીને આ વર્ષે પણ મંડળ દ્વારા વિશાળ અને આકર્ષક ગણેશજીની પ્રતિમા તૈયાર કરવામાં આવી છે. ગણેશજીની પ્રતિમા તૈયાર કરવામાં પરંપરાગત કારીગરી સાથે વિવિધ વિશિષ્ટ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રતિમાના શણગારમાં સોનાના વરખ તેમજ રજતજડિત હીરાનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે, જેના કારણે ગણેશજીની પ્રતિમા શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ વર્ષની સજાવટમાં પણ કંઈક નવું અને વિશેષ કરવાની તૈયારીઓ મંડળ દ્વારા કરવામાં આવી છે. ડેકોરેશનની મુખ્ય થીમ મહારાષ્ટ્રમાં આવેલા પ્રસિદ્ધ તુલજા ભવાની માતાજીના 'રાજે શહાજી મહાદ્વાર'ની ભવ્ય પ્રતિકૃતિ રાખવામાં આવી છે. ભવ્ય પ્રવેશદ્વાર અને કલાત્મક રચનાના કારણે ગણેશોત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓ માટે આ વિશેષ આકર્ષણ બની રહેશે.

શ્રી દગડુશેઠ ગણપતિ સાર્વજનિક મંડળની ૩૪ વર્ષની આ પરંપરા માત્ર ભવ્ય ગણેશ પ્રતિમા કે ડેકોરેશન પૂરતી મર્યાદિત નથી, પરંતુ હિન્દુ-મુસ્લિમ એકતા અને ભાઈચારાની ભાવનાને પણ ઉજાગર કરતી રહી છે. વિવિધ સમાજના લોકો સાથે મળીને ગણેશોત્સવની તૈયારીઓમાં નિઃસ્વાર્થ સેવા આપે છે, જેના કારણે આ મહોત્સવ જામનગરની સામાજિક એકતાનું પણ પ્રતીક બની રહ્યો છે.

આ વર્ષે પણ ભવ્ય ગણેશ પ્રતિમા, આકર્ષક ડેકોરેશન અને 'રાજે શહાજી મહાદ્વાર'ની થીમ સાથે યોજાનાર શ્રી દગડુશેઠ ગણપતિ મહોત્સવ જામનગરવાસીઓ માટે યાદગાર બની રહે તેવી તૈયારીઓ મંડળના કાર્યકરો દ્વારા કરવામાં આવી રહી છે.

# ધ્રોલના જાળીયા માનસર ગામના વૃદ્ધનું વીજકરંટ લાગતા મૃત્યુ

જામનગર : ધ્રોલ તાબેના જાળીયા માનસર ગામે વાડી વિસ્તારમાં રિપેરિંગ દરમિયાન ઈલેક્ટ્રિક મોટરનો વીજકરંટ લાગતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું જે બનાવની મૃતકના પુત્ર દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે ધ્રોલ તાલુકાના જાળીયા માનસર ગામમાં રહેતા હરસુખભાઈ કરમશીભાઈ રામોલીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ ગઈકાલે પોતાની ગામમાં આવેલી વાડીએ ઈલેક્ટ્રીક મોટર નો વાયર સ્ટાર્ટરમાંથી નીકળી જતા રીપેરીગ કરવા જતા હોય દરમિયાન તેઓની હથેળીના ભાગમાં જોરદાર વીજકરંટ લાગતા તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ધ્રોલની હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતા. આ બનાવની ધ્રોલ પોલીસમાં મૃતકના પુત્ર પ્રકાશભાઈ હરસુખભાઈ રામોલીયા દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. ડી. પી. વઘોરા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# રૂપામોરા ગામે જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

ખંભાળિયા : ભાણવડ તાલુકાના રૂપામોરા ગામમાં પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડી સંચાલક સહિત ૬ જુગારીને પકડી પાડી સ્થળપરથી રોકડ રકમ, વાહન, મોબાઈલ ફોન વિગેરે કુલમળી પોણો લાખ ઉપરાંતની માલમતા કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે આવેલ સંસ્કાર સ્કૂલની પાછળ રહેતો અરજણભાઈ ભોજાભાઈ કારેણા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી ચોક્કસ બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા અરજણભાઈ કારેણા સહિત માલદેભાઈ ભોજાભાઈ પીપરોતર ડાયાભાઈ કેશુભાઈ ગોહિલ, જીતુભાઈ ફોગાભાઈ પીપરોતર, ભીમાભાઈ દેવાભાઈ પીપરોતર અને કરસનભાઈ દેવાભાઈ પીપરોતર નામના ૬ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૧૨૦૦ની રોકડ રકમ, રૂ. ૨૫૫૦૦ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૨૦ હજારની કિંમતનું બાઈક સહિત કુલમળી રૂ. ૭૬૭૦૦ ની માલમતા કબ્જે કરી ઝડપાયેલા શખ્સોને આગળની કાર્યવાહી માટે ભાણવડ પોલીસ દફતરે સોંપી દેવામાં આવ્યા હતા.

# શેઠવડાળા ગામે બીમાર યુવાનનું મોત

જામનગર : જામનગર જિલ્લાના શેઠવડાળા ગામમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી બીમાર એક યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજતાં પોલીસે અપમૃત્યુ અંગે તપાસ હાથ ધરી છે.

શેઠવડાળા ગામમાં ફારુકભાઈના મકાનમાં રહેતા અને મજૂરી કામ કરતા આકાશકુમાર તેજસિંગ કશ્યપ (ઉ.વ.૨૭), મૂળ મુન્નીગામ, તા.જી.બુલંદશહેર, છેલ્લા ચારથી પાંચ દિવસથી બીમાર હતા અને તેમની સારવાર ચાલી રહી હતી. દરમિયાન તા.૧૦ સપ્ટેમ્બરના રોજ સાંજના સાડા ચાર વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે તેમના ભાઈ દિપકકુમાર તેજસિંગ કશ્યપે પોલીસને જાણ કરતાં શેઠવડાળા પોલીસે બી.એન.એસ.એસ. કલમ ૧૯૪ મુજબ અપમૃત્યુ નોંધ્યું છે. પોલીસે મૃતકના મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મહિલાઓ માટે આવતીકાલે રોજગાર ભરતીમેળાનું આયોજન

જામનગર : શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજા અને જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૧૨ સપ્ટેમ્બર, શનિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ધન્વંતરિ ઓડિટોરિયમ, જામનગરમાં જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રોજગાર ભરતીમેળામાં વિવિધ સેક્ટરના ૪૫ થી વધુ નોકરીદાતા ઉપસ્થિત રહેશે. જેમાં રોજગાર વાચ્છુ મહિલા ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને રિઝ્યુમ સાથે ઉપસ્થિત રહેવા જામનગર રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દ્વારકા જિલ્લામાં જુગારના વધુ ત્રણ દરોડામાં ૨૦ શખ્સની અટકાયત

દ્વારકા : દેવભૂમિ - દ્વારકા જિલ્લાના ખંભાળિયા, ભાણવડ અને કલ્યાણપુર તાલુકામાં જુગાર રમતા વધુ ૨૦ શખ્સને પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ઝડપી લીધા હતા અને સ્થળપરથી કુલમળી રૂ. ૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના સીમાણી કાલાવડ ગામે આવેલા વાછરાડાડાના મંદિર પાસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મહેન્દ્રસિંહ રવુભા ચુડાસમા, સિધ્ધરાજસિંહ હરીસંગ ચુડાસમા, અશોકભાઈ ખીમગર ગોસ્વામી, સિધ્ધરાજસિંહ બાલુભા જાડેજા, નિરૂભા નવુભા જાડેજા, સુખદેવસિંહ ગુમાનસંગ ચુડાસમા, વિજયસિંહ ઉદેસંગ જાડેજા, જયમલજી ધીરુભા જાડેજા અને પ્રદિપસિંહ રામસંગ ચુડાસમા નામના ૯ શખ્સને દરોડા દરમિયાન સલાયા મરીન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૫૧૩૦ની રોકડ રકમ અને રૂ. ૩૬ હજારની કિંમતના ૭ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૭૧૧૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ખંભાળિયા તાલુકાના ખજુરીયા ગામમાં વાડી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રામભાઈ પીઠાભાઈ ચંદ્રાવડીયા, હેભાભાઈ ધનાભાઈ ચંદ્રાવડીયા, વેજાણંદભાઈ જેઠાભાઈ ચંદ્રાવડીયા, રામભાઈ ધનાભાઈ ચંદ્રાવડીયા, દેવશીભાઈ કારૂભાઈ ચંદ્રાવડીયા અને વજસીભાઈ હદાભાઈ ગોજીયા નામના ૬ શખ્સને ખંભાળિયા પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૦૩૩૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

તેમજ કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામે વાડી વિસ્તારમાં મામાદેવના મંદિરના ઓટલા ઉપર જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પ્રવિણ બાબુભાઈ લુગરીયા, માલદે ભીખુભાઈ ગોરાણીયા, લીલા રામાભાઈ મોઢવાડીયા, નિર્મલ પુંજાભાઈ અમર અને વજસી સામતભાઈ મોઢવાડીયા નામના ૫ શખ્સને સ્થાનિક પોલીસે પકડી પાડી સ્થળપરથી રૂ. ૧૨૫૫૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

**નામ સુધારેલ છે**

આથી હું જાહેર કરૂં છું કે મારૂં નામ સુધારીને ચમડીયા મુમતાઝ અલીભાઈ માંથી અખાણી મુમતાઝ અલ્લારખાભાઈ કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

સરનામું:- નાઝ સીનેમા રોડ, સીક્કા, જી.જામનગર.

**CHANGE OF NAME**

This is to be state and declare that I had done correction in my name from **CHAMDIYA MUMTAZ ALIBHAI** to **AKHANI MUMTAJ ALLARAKHABHAI** all to be known & note

Add:naz cinema road, sikka, Jamnagar, PO: Sikka Mahajanpada, DIST: Jamnagar, Gujarat - 361140

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ સ્ટેશનો ખાતે TMC સાઈડીંગ સુવિધાઓની રચના**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-આરજેટી-૨૬-૨૭-SnT-E-૧૯ તારીખ: ૦૯-૦૯-૨૦૨૬**

**કામનું નામ:** રાજકોટ ડિવિઝન :- (i) ૦૫ સ્ટેશનો (લીલાપુર, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ અને દહિંસરા) ખાતે તથા લખતર ખાતે સહાયક સુવિધાઓ (ii) ૦૮ સ્ટેશનો (પડધરી, હડમતીયા, આલીયાવાડા, લાખાબાવળ, મોટી ખાવડી, ખંભાળીયા, ભાટીયા, દ્વારકા) ખાતે TMC સાઈડીંગ સુવિધાઓની રચના. **અંદાજીત ટેન્ડર પડતર:** ₹ ૨,૬૪,૯૭,૪૬૦.૪૨ (રૂપિયા બે કરોડ ચોંસઠ લાખ સત્તાણું હજાર ચાર સો સાઈઠ અને બેતાળીસ પૈસા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹ ૫,૩૦,૦૦૦.૦૦ (રૂપિયા પાંચ લાખ ત્રીસ હજાર માત્ર) **ટેન્ડર ફોર્મ ફી:** પેરા-૩, GCC-૨૦૨૨ મુજબ ₹ ૦૦.૦૦ (શુન્ય હજાર) **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા.૦૮-૧૦-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાક સુધી. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in RJT-140

અમને ફોલો કરો: X x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# અમેરિકાના રાજકારણમાં પરિવર્તનની આહટ

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી નજીક આવી રહી છે તેમ દેશના રાજકારણમાં ગરમાવો વધી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ ચૂંટણી માત્ર કોંગ્રેસની બેઠકો જીતવા કે ગુમાવવાનો પ્રશ્ન નથી, પરંતુ તેમના નેતૃત્વ અંગે જનતાના મૂડની કસોટી પણ છે. તાજેતરના મતદાતા સર્વેક્ષણોમાં ટ્રમ્પની લોકપ્રિયતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. રોઇટર્સ-ઇપ્સોસના સર્વે મુજબ માત્ર ૩૩ ટકા અમેરિકનો તેમના કાર્યકાળથી સંતુષ્ટ છે. રાષ્ટ્રપતિની લોકપ્રિયતાનું આ નીચું સ્તર રિપબ્લિકન પાર્ટી માટે ચિંતાનો વિષય બનવું સ્વાભાવિક છે.અમેરિકન જનતાની ચિંતા પાછળ સૌથી મોટો મુદ્દો અર્થતંત્ર છે. સામાન્ય નાગરિક માટે રોજિંદા જીવનનો ખર્ચ વધી રહ્યો છે. ખાદ્યસામગ્રી, બળતણ અને અન્ય જરૂરી વસ્તુઓના ભાવમાં વધારો પરિવારના બજેટને અસર કરી રહ્યો છે. આવી સ્થિતિમાં સરકારની આર્થિક કામગીરી અંગે લોકોના મનમાં પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે. રિપબ્લિકન પાર્ટી માટે આ સ્થિતિ એટલા માટે મુશ્કેલ છે કે અર્થતંત્ર તેની પરંપરાગત રાજકીય તાકાત ગણાય છે.ઈરાન સાથેનો સૈન્ય સંઘર્ષ પણ ટ્રમ્પ સરકાર માટે મુશ્કેલી વધારતો મુદ્દો બની રહ્યો છે. ઈરાન સામેની કાર્યવાહી બાદ બળતણના ભાવમાં વધારો થયો છે. યુદ્ધના મુદ્દે પણ અમેરિકન સમાજમાં એકમત જોવા મળતો નથી. જ્યારે કોઈ સૈન્ય કાર્યવાહીનો સીધો ખર્ચ સામાન્ય નાગરિકના જીવન પર પડે છે ત્યારે લોકોનો અસંતોષ સરકાર તરફ વળે છે. ટ્રમ્પ માટે આ અસંતોષને રાજકીય નુકસાનમાં ફેરવાતો અટકાવવો મોટો પડકાર છે.અર્થતંત્ર અંગેના બદલાયેલા મતદાતા વલણને ખાસ મહત્વ આપવું પડશે. લાંબા સમયથી અમેરિકન મતદારો રિપબ્લિકન પક્ષને આર્થિક વ્યવસ્થાપન બાબતે વધુ સક્ષમ માનતા આવ્યા છે. પરંતુ હવે આ માન્યતામાં ફેરફારના સંકેતો મળી રહ્યા છે. કેટલાક તાજેતરના સર્વેક્ષણોમાં ડેમોક્રેટિક પક્ષને અર્થતંત્ર અંગે વધુ વિશ્વસનીય વિકલ્પ માનનારા લોકોની સંખ્યા વધી છે. જો આ વલણ ચૂંટણી સુધી ટકી રહેશે તો રિપબ્લિકન પક્ષ માટે તે ગંભીર રાજકીય નુકસાન સાબિત થઈ શકે છે.મધ્યસત્ર ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ પણ પરિણામ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. હાલમાં ડેમોક્રેટિક પક્ષના સમર્થકોમાં મતદાન અંગે વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્વતંત્ર મતદારોનો ઝુકાવ પણ કેટલીક જગ્યાએ ડેમોક્રેટ્સ તરફ દેખાઈ રહ્યો છે. અમેરિકન રાજકારણમાં આ વર્ગ ઘણી વખત ચૂંટણીનું પલ્લું એક તરફથી બીજી તરફ ફેરવવાની ક્ષમતા ધરાવે છે. તેથી બંને પક્ષો માટે સ્વતંત્ર મતદારોને આકર્ષવા અત્યંત જરૂરી બનશે.પ્રતિનિધિ સભાની વર્તમાન સ્થિતિ પણ રોમાંચક છે. રિપબ્લિકન પક્ષ પાસે ૨૧૮ બેઠકો છે જ્યારે ડેમોક્રેટ્સ પાસે ૨૧૨ બેઠકો છે. બહુમતી માટે જરૂરી સંખ્યા બંને પક્ષોની વર્તમાન સ્થિતિથી બહુ દૂર નથી. પરિણામે થોડા મતવિસ્તારોનાં પરિણામો સમગ્ર ગૃહનું સત્તાસંતુલન બદલી શકે છે. અનેક બેઠકોમાં બંને પક્ષો વચ્ચે ભારે સ્પર્ધા થવાની શક્યતા છે.રિપબ્લિકન પક્ષને કેટલાક મતવિસ્તારોની નવી રચનાનો લાભ મળી શકે છે. જોકે માત્ર ચૂંટણીની ગણિતથી જીત નિશ્ચિત થતી નથી. જો રાષ્ટ્રવ્યાપી મતદાતા વલણ સરકારની વિરુદ્ધ હોય તો નજીકની બેઠકો પર તેનો સીધો પ્રભાવ પડી શકે છે.

# થોડીવાર મોબાઈલથી દૂર અને જિંદગીની નજીક!



ફ્રાઈડે ફોટો સ્ટોરી -દિપક માળી

જીવનની દોડધામ તો સદાય ચાલતી જ રહેવાની છે, પરંતુ ક્યારેક આ દોડમાંથી થોડી ક્ષણો ચોરીને કુદરતના ખોળે બેસી જવું પણ આવશ્યક છે. આજના સમયમાં આપણે યંત્રજગતમાં એટલા ખોવાઈ ગયા છીએ કે આપણી આસપાસની કુદરતી સુંદરતા નિહાળવાનું પણ ભૂલી ગયા છીએ. જ્યારે કે, આ કૃત્રિમ દુનિયાથી પરે એક અદ્ભુત દુનિયા છે કુદરતની દુનિયા. ક્યારેક થોભો, શાંતિની પળોને માણો અને કુદરતને નિહાળો...કારણ કે જીવન માત્ર દોડવાનું નામ નથી, પરંતુ થોભીને શાંતિનો અનુભવ કરવાનું પણ નામ છે...

# પર્યુષણની પ્રેરણા : આપો શાતા, પામો સુખશાતા

વિશેષ

પ્રેમનો પયગામ પ્રસરાવતા જૈન ધર્મનાં સર્વોત્તમ મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ શ્રાવણ વદિ બારશ, તા.૮ સપ્ટેમ્બરથી થઈ રહ્યો છે ત્યારે સ્મરણમાં આવે છે પર્યુષણના પાંચ કર્તવ્યો. આ પાંચે ય કર્તવ્યોમાંથી પ્રેમનો સંદેશ પ્રગટી રહ્યો છે. (૧) અમારિપ્રવર્તન કર્તવ્યમાંથી અહિંસા પ્રેમનો (૨) ચૈત્યપરિપાટી કર્તવ્યમાંથી પ્રભુપ્રેમનો (૩) સાધર્મિકભક્તિ કર્તવ્યમાંથી સાધર્મિક પ્રેમનો (૪) અઠ્ઠમતપ કર્તવ્યમાંથી તપપ્રેમનો અને (૫) ક્ષમાપના કર્તવ્યમાંથી જીવનપ્રેમનો સંદેશ ધ્વનિત થઈ રહ્યો છે. આ પાંચે ય કર્તવ્યો પૈકી આજે આપણે વિચાર કરીશું પ્રથમ કર્તવ્ય અને તેના સંદેશ ઉપર.ળ

જૈન ધર્મ અત્યંત કરુણાશીલ છે. અહિંસા આ ધર્મના મૂળમાં છે અને એટલે જ પર્યુષણાનું પ્રથમ કર્તવ્ય બતાવાયું છે અમારિપ્રવર્તનપ એટલે કે અહિંસાનું પાલન સ્વયં કરવું અને બીજા પાસે કરાવવું. કલિકાલસર્વજ્ઞા હેમચંદ્રાચાર્ય ભગવંતે સ્વરચિત યોગશાસ્ત્રગ્રન્થમાં અહિંસાપાલનથી થતા અનેક લાભો બતાવ્યા છે. અહિંસાપાલન દ્વારા (૧) મનની પ્રસન્નતા મળે (૨) રોગમુક્ત શરીર મળે (૩) દીર્ઘ આયુષ્ય મળે (૪) સૌંદર્ય સંપન્ન કાયા મળે (૫) અનુકૂળ પરિવાર આદિ તમામ સુખની સામગ્રી મળે. એથી ઊલટું, અહિંસાનું પાલન જીવનમાં ન હોય તો આ તમામ બાબતો વિપરીત મળે. ક્યારેક એવું પણ નિહાળવા મળે છે કે હિંસાનું આચરણ વ્યક્તિએ ખુબ તીવ્રતાથી કર્યું હોય તો તેનું ફળ પણ તેણે એવી જ તીવ્રતાથી અને તત્કાલ ભોગવવું પડે. આ સંદર્ભમાં યાદ આવે છે એક સત્ય ઘટના :

મુંબઈ મહાનગરની વાત. એ ભાઈના પત્ની ત્રણેક દિવસ માટે બહાર ગયા હતા. સાંજે ભાઈ ઓફિસેથી ઘરે આવ્યાં. દૈનિક કાર્યોથી નિવૃત્ત થઈને રાત્રે પથારીમાં સૂઈ ગયા. રાત થોડી આગળ વધી ત્યાં કોણ જાણે શું થયું ? ભાઈને શરીર ઉપર જીવ-જંતુ ફરતા હોય અને કરડતા હોય તેવો અહેસાસ થવા લાગ્યો. ભાઈ ઉઠયા, લાઈટ કરીને જોયું તો ખબર પડી કે આખા ઘરમાં અને પથારીમાં સેંકડો માંકડ ફરી રહ્યા હતા. આ જોઈને ભાઈને ભયંકર ગુસ્સો આવ્યો. લાઈટર હાથમાં લીધું અને એક એક માંકડને લાઈટરથી સળગાવીને મારવા લાગ્યા. નિર્દયતાથી અને ક્રૂરતાથી તેમણે આખી રાત માંકડો મારવાનું ચાલું રાખ્યું. એક પણ માંકડને ન છોડયો. સવાર પડી. રાતના ઉજાગરાથી થાકેલા ભાઈએ પાણી ગરમ કરવા માટે પ્રાયમસ શરૂ કર્યો. ત્યાં જ પ્રાયમસમાં અચાનક ભડકો થયો. ભાઈનું આખું મુખ દાઝી ગયું. બૂમાબૂમ થઈ. હોસ્પિટલમાં લઈ જવાયા, સર્જરી થઈ. ભાઈ બચી તો ગયા પણ મોઢું કાયમ માટે અત્યંત વિકૃત થઈ ગયું. તીવ્ર હિંસાનું ફળ તત્કાલ મળી ગયું. આપણા જીવનમાં આવું વિપરીત પરિણામ ન આવે એ માટે પર્યુષણા લઈને આવે છે અહિંસાપ્રેમનો સંદેશ. પર્યુષણા આપણને સમજાવે છે કે જો બીજા જીવોને તમે સાચવશો તો તમે પણ સચવાઈ જશો અને બીજાને મોત આપશો તો તમે પણ મોતની પરંપરા પામશો. અન્યને શાતા આપશો તો તમને પણ સુખશાતા મળશે અને અન્યને પીડા આપશો તો તમને પીડા મળશે. આવો, આપણે પર્યુષણાનો આ સંદેશ આત્મસાત્ કરીએપ સૂક્ષ્મ અહિંસાનું પાલન કરીને જીવન સુખમય બનાવીએ.

# કૃત્રિમ બુદ્ધિની મહાદોડ : તક સાથે જોખમને પણ સમજવું પડશે

વિશ્વભરની કંપનીઓમાં એઆઈ પાછળ જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે ત્યારે પ્રશ્ન એવો થયો છે કે આ ખર્ચનો હિસાબ જ્યારે કરવામાં આવ્યો છે ત્યારે એટલો જંગી થયો છે કે જેને કારણે દિગ્ગજ કંપનીઓ આશ્ચર્યચકિત થઈ ગઈ છે અને આ વિકાસની દોડ અને અટકાવવા માટે પગલા ભરવા શરૂ કર્યા છે્

**વિશ્વના આર્થિક નકશા પર એક નવી દોડ શરૂ થઈ છે. આ દોડ રસ્તાઓ પર નથી, પરંતુ ટેક્નોલોજીના ક્ષેત્રમાં છે. કૃત્રિમ બુદ્ધિને ભવિષ્યની સૌથી શક્તિશાળી તક માનવામાં આવી રહી છે. મોટી કંપનીઓ તેમાં ભારે રોકાણ કરી રહી છે. સરકારો પણ તેના વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. પરંતુ દરેક મોટી તક સાથે એક મોટો સવાલ પણ જોડાયેલો હોય છે. કૃત્રિમ બુદ્ધિ પાછળ થતો અતિશય ખર્ચ ખરેખર કેટલો ફાયદો આપશે?**

આ સવાલ ખાસ કરીને અમેરિકાના સંદર્ભમાં મહત્વનો છે. અમેરિકાની અનેક મોટી કંપનીઓ કૃત્રિમ બુદ્ધિ માટે વિશાળ માળખું ઊભું કરી રહી છે. નવા કમ્પ્યુટર કેન્દ્રો બનાવાઈ રહ્યા છે. શક્તિશાળી ચીપ તૈયાર થઈ રહી છે. વીજળી અને માહિતી સંગ્રહની જરૂરિયાત વધી રહી છે. સંશોધન માટે પણ મોટું નાણાકીય રોકાણ થઈ રહ્યું છે.આ સમગ્ર પ્રક્રિયામાં અબજો ડોલર ખર્ચાઈ રહ્યા છે. સ્વાભાવિક રીતે જ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આટલા મોટા રોકાણથી એટલો જ મોટો આર્થિક લાભ પણ મળશે. પરંતુ માત્ર ખર્ચ વધે એટલે વિકાસ વધ્યો એવું કહી શકાય નહીં. રોકાણનું સાચું મૂલ્ય તેના પરિણામથી નક્કી થાય છે.

જો કૃત્રિમ બુદ્ધિથી ઉત્પાદન વધે, કામનો સમય ઘટે, નવા રોજગાર ઊભા થાય અને કંપનીઓની આવક વધે તો મોટું રોકાણ યોગ્ય ગણાય. પરંતુ જો ખર્ચ વધતો જાય અને તેની સામે મળતો લાભ મર્યાદિત રહે તો ચિંતા થવી સ્વાભાવિક છે.

કૃત્રિમ બુદ્ધિની ખાસિયત એ છે કે તે એક સાથે અનેક ક્ષેત્રોમાં પરિવર્તન લાવી શકે છે. આરોગ્ય ક્ષેત્રમાં રોગની વહેલી ઓળખ માટે તેનો ઉપયોગ થઈ શકે છે. દવાઓના સંશોધનમાં મદદ મળી શકે છે. ખેતીમાં પાક અને હવામાન અંગેની માહિતીનું વિશ્લેષણ કરી શકાય છે. શિક્ષણમાં દરેક વિદ્યાર્થીની જરૂરિયાત પ્રમાણે માર્ગદર્શન આપી શકાય છે.ઉદ્યોગોમાં ઉત્પાદનની પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે. બેન્કિંગ સેવાઓ સરળ બની શકે છે. સરકારી કચેરીઓમાં માહિતી મેળવવાનું કામ ઝડપથી થઈ શકે છે. નાના વેપારીઓ પણ તેનો ઉપયોગ કરીને પોતાનું કામ સરળ બનાવી શકે છે.આ શક્યતાઓને કારણે કૃત્રિમ બુદ્ધિને માત્ર ખર્ચાળ ટેકનોલોજી માનવી યોગ્ય નથી. તેમાં વિકાસને નવી ગતિ આપવાની ક્ષમતા છે. પરંતુ તેની સાથે વાસ્તવિકતાને સમજવી પણ જરૂરી છે.ટેકનોલોજીના ઈતિહાસમાં ઉત્સાહ અને નિરાશા બંને જોવા મળ્યાં છે. નવી શોધ આવે ત્યારે તેની પાસેથી ઘણી મોટી અપેક્ષાઓ રાખવામાં આવે છે. કેટલીક ટેકનોલોજી સમયની કસોટી પર ખરી ઊતરે છે. કેટલીકની અસર શરૂઆતમાં ધારણા કરતાં ઓછી રહે છે. કૃત્રિમ બુદ્ધિનું ભવિષ્ય કેવું રહેશે તે અંગે આજે ચોક્કસ નિર્ણય આપવો વહેલો છે.આથી આ ક્ષેત્રમાં રોકાણ કરવું જોઈએ, પરંતુ વિચારપૂર્વક કરવું જોઈએ. દરેક કંપનીએ પોતાના રોકાણનું પરિણામ તપાસવું જોઈએ. ટેકનોલોજી પાછળ કેટલું નાણું ખર્ચાયું તેની સાથે તેનાથી કેટલો વાસ્તવિક લાભ મળ્યો તે પણ જોવું જોઈએ.

આ ચર્ચામાં સામાન્ય માણસને કેન્દ્રમાં રાખવો ખૂબ જરૂરી છે. ટેકનોલોજીનો સાચો વિકાસ ત્યારે કહેવાય જ્યારે તેનો લાભ સમાજના મોટા વર્ગ સુધી પહોંચે. કોઈ

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

વિદ્યાર્થીને ગુણવત્તાયુક્ત શિક્ષણ સરળતાથી મળે, ખેડૂતને યોગ્ય માહિતી સમયસર મળે, દર્દીને સારવારમાં મદદ મળે અને નાના વેપારીને વ્યવસાયની નવી તક મળે તો કૃત્રિમ બુદ્ધિનો અર્થપૂર્ણ ઉપયોગ થયો કહેવાય.

પરંતુ જો નવી ટેકનોલોજીનો લાભ માત્ર મોટી કંપનીઓ અને સમૃદ્ધ વર્ગ સુધી સીમિત રહેશે તો સમાજમાં અંતર વધવાની શક્યતા રહે છે. તેથી કૃત્રિમ બુદ્ધિના વિકાસ સાથે તેની પહોંચનો પ્રશ્ન પણ મહત્વનો છે.

રોજગારનું ભવિષ્ય પણ આ ચર્ચા સાથે જોડાયેલું છે. કૃત્રિમ બુદ્ધિ અનેક કામ ઝડપથી કરી શકે છે. તેથી કેટલીક નોકરીઓના સ્વરૂપમાં ફેરફાર થઈ શકે છે. કેટલાક કામ ઓછા થઈ શકે છે. પરંતુ નવી ટેકનોલોજી સાથે નવા પ્રકારનાં કામ પણ ઊભા થઈ શકે છે.આથી યુવાનો માટે સૌથી મોટી જરૂરિયાત નવી કુશળતા શીખવાની છે. ભવિષ્યમાં માત્ર પરંપરાગત જ્ઞાન પૂરતું નહીં રહે. નવી ટેકનોલોજીને સમજવાની ક્ષમતા જરૂરી બનશે. શિક્ષણ વ્યવસ્થાએ પણ આ બદલાવને સ્વીકારવો પડશે.વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન આપવાથી કામ નહીં ચાલે. તેમને વિચારતા શીખવવા પડશે. પ્રશ્નો પૂછતા શીખવવા પડશે. સમસ્યાનો ઉકેલ શોધતા શીખવવું પડશે. નવી ટેકનોલોજીનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરતા પણ શીખવવું પડશે.અમેરિકામાં કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલા મોટા રોકાણમાંથી ભારતે પણ શીખવાની જરૂર છે. ભારતે આ ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ. પરંતુ વિકાસનો અર્થ માત્ર મોટા પ્રમાણમાં નાણાં ખર્ચવા એવો ન હોવો જોઈએ.ભારતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઓછા ખર્ચે વધુ લોકો સુધી પહોંચે તેવી કૃત્રિમ બુદ્ધિ વિકસાવવી વધારે મહત્વની છે. ખેતી, શિક્ષણ, આરોગ્ય, નાના ઉદ્યોગો અને સરકારી સેવાઓમાં તેનો ઉપયોગ વધારવાથી તેનો સીધો લાભ સામાન્ય નાગરિકને મળી શકે છે.ભારતીય ભાષાઓનો મુદ્દો પણ ખૂબ મહત્વનો છે. જો કૃત્રિમ બુદ્ધિ માત્ર અંગ્રેજી જાણતા લોકો માટે સરળ રહેશે તો દેશનો મોટો વર્ગ તેનાથી દૂર રહી શકે છે. ગુજરાતી સહિત ભારતીય ભાષાઓમાં સરળતાથી ઉપયોગ કરી શકાય તેવી ટેકનોલોજી વિકસાવવી જરૂરી છે. ત્યારે જ તેનો લાભ શહેરોની બહાર પણ પહોંચી શકશે.સરકાર અને કંપનીઓ બંનેએ અહીં જવાબદારી નિભાવવી પડશે. સરકારોએ ટેકનોલોજીના વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. સાથે તેની સલામતી અને જવાબદારી માટે જરૂરી નિયમો પણ બનાવવા જોઈએ. કંપનીઓએ પણ માત્ર સ્પર્ધામાં આગળ વધવા માટે ખર્ચ વધારવાને બદલે વાસ્તવિક જરૂરિયાત અને પરિણામ પર ધ્યાન આપવું જોઈએ.કૃત્રિમ બુદ્ધિ સામે ભય ફેલાવવાની જરૂર નથી. પરંતુ તેને લઈને અંધ વિશ્વાસ પણ યોગ્ય નથી. ટેકનોલોજી માનવજીવનને સરળ બનાવવા માટે છે. તે માણસની મદદગાર બને તે જરૂરી છે. માણસની વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સંવેદનાને નબળી પાડે તેવો તેનો ઉપયોગ ન થવો જોઈએ.આજે કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલું રોકાણ આવતીકાલના અર્થતંત્રને નવી દિશા આપી શકે છે. પરંતુ તેની સફળતા માત્ર રોકાણના કદથી નક્કી નહીં થાય. તેની સફળતા એ વાતથી નક્કી થશે કે તેનાથી કેટલો વાસ્તવિક લાભ મળે છે.આથી કૃત્રિમ બુદ્ધિના વિકાસમાં ઝડપ જરૂરી છે, પરંતુ ઉતાવળ નહીં. રોકાણ જરૂરી છે, પરંતુ અંધ રોકાણ નહીં. નવીનતા જરૂરી છે, પરંતુ જવાબદારી વિના નહીં.આખરે પ્રશ્ન એ નથી કે કૃત્રિમ બુદ્ધિ કેટલી શક્તિશાળી છે. પ્રશ્ન એ છે કે તેની શક્તિનો ઉપયોગ કેટલો સમજદારીપૂર્વક થાય છે. જો ટેકનોલોજીનો લાભ સામાન્ય માણસ સુધી પહોંચે, રોજગારની નવી તકો ઊભી થાય અને જીવન વધુ સરળ બને તો આ દોડ ખરેખર વિકાસની દોડ બની શકે છે.પરંતુ જો ખર્ચ સતત વધતો રહે અને તેની સામે વાસ્તવિક લાભ ઓછો રહે તો આ દોડ જોખમમાં ફેરવાઈ શકે છે. તેથી કૃત્રિમ બુદ્ધિના યુગમાં સૌથી જરૂરી વસ્તુ માત્ર ઝડપ નથી. ઝડપ સાથે સમજદારી અને વિકાસ સાથે માનવહિતનું સંતુલન જ સાચી સફળતાની ચાવી છ.



# ક્રિકેટર ઝહીર ખાન ટીમના માલિક બન્યા, કેનેડા સુપર ૬૦ માં વાનકુવર એન્કર્સ ટીમમાં જોડાયા

નવીદિલ્હી,
ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ ફાસ્ટ બોલર ઝહીર ખાન નવી ભૂમિકા નિભાવવા માટે તૈયાર છે. ઝહીર કેનેડા સુપર ૬૦ માં વાનકુવર એક્કર્સનો સહ-માલિક બન્યો છે. નોંધપાત્ર રીતે, તેમના ભૂતપૂર્વ ભારતીય સાથી યુવરાજ સિંહ પણ આ ફ્રેન્ચાઈઝીના માલિકી જૂથમાં સામેલ છે. બંનેએ ૨૦૧૧ વનડે વર્લ્ડ કપમાં ભારતની ઐતિહાસિક ટાઇટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ઝહીર ખાન નાગેન્દ્ર નાગા સિદ્દોત્તમ અને સ્ટોકહોમ સ્થિત એક્કર સ્પોર્ટ્સ એબી સાથે વાનકુવર એક્કર્સ ઓનરશિપ ગ્રુપમાં જોડાયો છે. આ ફ્રેન્ચાઈઝી કેનેડા સુપર ૬૦ માં પુરુષો અને મહિલાઓ બંને પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લે છે. ટીમ વાનકુવરના બીસી પ્લેસ સ્ટેડિયમમાં તેના ઘરેલું મેચો રમે છે. પોતાની નવી ભૂમિકા અંગે, ઝહીરે કહ્યું કે કેનેડા સુપર ૬૦ એક શાનદાર લીગ છે, અને તે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત સ્ટેડિયમમાંના એકમાં યોજાવાથી તે ખાસ બને છે. તેમણે યુવરાજ લીગના ઓનરશિપ ગ્રુપનો ભાગ હોવાનો આનંદ પણ વ્યક્ત કર્યો.



ઝહીરે કહ્યું કે કેનેડા સુપર ૬૦ એક ફર્સ્ટ-ક્લાસ પ્રોડક્ટ છે, જે એક શહેરમાં તેની પોતાની ઓળખ અને આકર્ષણ સાથે, વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મેદાનોમાંના એકમાં યોજાઈ રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે યુવરાજને જાણવાથી અને ઘણા વર્ષોથી તેના મિત્ર અને સાથી તરીકે, લીગની ઓનરશિપમાં તેની સંડોવણી તેને તેની દિશામાં અપાર વિશ્વાસ આપે છે. ક્રિકેટના વિકાસનો આગામી તબક્કો વૈશ્વિક હોવો જોઈએ.

ઝહીરે એસોસિયેટ રાષ્ટ્રોના ખેલાડીઓ અને મહિલા ક્રિકેટરો માટે તકો ઉભી કરતી લીગને ટેકો આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ભૂતપૂર્વ ખેલાડીઓ તરીકે, ક્રિકેટરોને આગળ વધવા માટે વાસ્તવિક તકો પૂરી પાડતી વિશ્વસનીય લીગને ટેકો આપવાની તેમની જવાબદારી છે.

યુવરાજ સિંહે પણ ઝહીરના ફ્રેન્ચાઈઝીમાં જોડાવાનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું, "ઝેક અને મેં અમારી કારકિર્દીની કેટલીક સૌથી મોટી ક્ષણો સાથે શેર કરી છે, અને આ નવા પ્રકરણ માટે સાથે પાછા આવવું એ એક ખાસ લાગણી છે." કેનેડા સુપર ૬૦ ની બીજી સીઝન ૨૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર સુધી વાનકુવરના બીસી પ્લેસ ખાતે રમાશે. આ ટુર્નામેન્ટમાં છ ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે કુલ ૨૪ મેચ રમાશે, અને તેમાં પુરુષો અને મહિલાઓ બંનેની સ્પર્ધાઓ હશે.

# પાકિસ્તાનની અંડર-૧૯ ક્રિકેટ ટીમને ઈંગ્લેન્ડમાં અપમાનનો સામનો કરવો પડયો

પોર્ટ્સમાઉથ,
જ્યારે પાકિસ્તાનની સિનિયર ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડમાં મેદાન પર તેના શરમજનક પ્રદર્શન માટે સમાચારમાં રહી છે, ત્યારે તેમની અંડર-૧૯ ક્રિકેટ ટીમને પણ ઈંગ્લેન્ડમાં ભારે અપમાનનો સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાન અંડર-૧૯ ટીમ હાલમાં ઈંગ્લેન્ડની અંડર-૧૯ ટીમ સામે યુથ ટેસ્ટ અને ચાર યુથ વનડે રમવા માટે ઈંગ્લેન્ડના પ્રવાસ પર છે. યુથ ટેસ્ટ ૨ થી ૫ સપ્ટેમ્બર સુધી રમાઈ હતી, અને યુથ વનડે શ્રેણીની પહેલી મેચ ૯ સપ્ટેમ્બરના રોજ રમાઈ હતી. આ દરમિયાન, પોર્ટ્સમાઉથમાં રહેતી પાકિસ્તાની અંડર-૧૯ ટીમને ત્યાંના લોકોએ શરણાર્થી સમજી લીધી હતી, અને તેમની હોટલની બહાર વિરોધીઓનું ટોળું એકઠું થઈ ગયું હતું.




જોકે, જ્યારે માહિતી જાહેર કરવામાં આવી, ત્યારે ભીડ વિખેરાઈ ગઈ. ઈંગ્લેન્ડના પોર્ટ્સમાઉથમાં રહેતી પાકિસ્તાની અંડર-૧૯ ટીમને લોકોએ શરણાર્થી સમજીને ચર્ચાનો વિષય બનાવી દીધો હતો. આ દરમિયાન, બ્રિટિશ લોકો સાથે સંબંધિત ન હોય તેવા શરણાર્થીઓ ત્યાં રોકાઈ રહ્યા હોવાના અહેવાલો મળ્યા બાદ પોર્ટ્સમાઉથમાં મેરિયોટ હોટેલની બહાર વિરોધીઓનું એક જૂથ એકત્ર થયું હતું. ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, રિફોર્મ પાર્ટીના કાઉન્સિલર જ્યોર્જ મેડગવિકે પાકિસ્તાન અંડર-૧૯ ટીમના સ્ટાફ અને ભીડ વચ્ચે વાતચીત કરવા માટે હોટેલને ફોન કર્યો.

# દક્ષિણ આફ્રિકાના ૨૪ વર્ષીય ખેલાડીએ પોતાના વનડે ડેબ્યૂમાં ૧૫૦ રન બનાવીને વિશ્વ રેકોર્ડની બરાબરી કરી

વિન્ડહોક,
દક્ષિણ આફ્રિકાના યુવા બેટ્સમેન જોર્ડન હરમન માટે, તેની પહેલી વનડે મેચ યાદગાર બની. ૨૪ વર્ષીય ડાબા હાથના બેટ્સમેને નામિબિયા સામેની પહેલી વનડેમાં શાનદાર ૧૫૦ રન ફટકાર્યા, જેનાથી ડેબ્યૂમાં સૌથી વધુ વનડે સ્કોરના વિશ્વ રેકોર્ડની બરાબરી થઈ. જોકે, તે ફક્ત એક રનથી આ રેકોર્ડ ચૂકી ગયો. ૯ સપ્ટેમ્બરના રોજ, વિન્ડહોકના નામિબિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે, હરમન નામિબિયા સામે દક્ષિણ આફ્રિકાની ઈનિંગની શરૂઆત કરી. તેણે પોતાની પહેલી ડ્ઢૈં મેચમાં ૯૩ બોલનો સામનો કરીને સદી ફટકારી.



હરમનનું બેટ સદી ફટકાર્યા પછી પણ અટક્યું નહીં. આગામી ૩૩ બોલમાં ૫૦ રન ઉમેરીને હરમન ૧૫૦ રન સુધી પહોંચી ગયો. આ શાનદાર ઈનિંગે તેને વનડે ડેબ્યૂમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં સંયુક્ત ટોચ પર પહોંચાડ્યો. અગાઉ, આ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના મેથ્યુ બ્રીટ્ઝકેના નામે હતો. બ્રીટ્ઝકેએ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ લાહોરમાં ન્યૂઝીલેન્ડ સામેના પોતાના વનડે ડેબ્યૂમાં ૧૪૮ બોલમાં ૧૫૦ રન બનાવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે, બંને બેટ્સમેનોએ ઓપનિંગ બેટ્સમેન તરીકે આ સિદ્ધિ મેળવી હતી. હરમન પાસે હવે બ્રીત્ઝકેના રેકોર્ડને તોડીને નવો વિશ્વ રેકોર્ડ બનાવવાની તક હતી, પરંતુ તે ૧૫૦ રન બનાવીને આઉટ થઈ ગયો. જોર્ડન હરમન અને મેથ્યુ બ્રીત્ઝકે ૧૫૦-૧૫૦ રન સાથે સંયુક્ત રીતે યાદીમાં ટોચ પર છે. ત્યારબાદ વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ડેસમંડ હેન્સ છે, જેમણે પોતાના ડેબ્યૂમાં ૧૪૮ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ૨૦૨૧માં આયર્લેન્ડ સામે ડેબ્યૂમાં ૧૨૭ રન બનાવ્યા હતા. માર્ક ચેપમેને યુએઈ સામે અણનમ ૧૨૪ અને કોલિન ઈન્ગ્રામે ઝિમ્બાબ્વે સામે ૧૨૪ રન બનાવ્યા હતા.

# જો રૂટ પાકિસ્તાન સામે અડધી સદી ફટકારવા સાથે સચિન તેંડુલકરનો સૌથી મોટો વર્લ્ડ રેકોર્ડ તૂટશે

બર્મિંગહામ,
પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટ ૯ સપ્ટેમ્બરથી બર્મિંગહામના એજબેસ્ટન ખાતે શરૂ થઈ છે. રૂટ આ મેચમાં પોતાની ૧૬૯મી ટેસ્ટ રમી રહ્યો છે. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના સ્ટીવ વો અને રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધા, જેમણે પોતાની કારકિર્દીમાં ૧૬૮ ટેસ્ટ મેચ રમી હતી. રૂટ હવે સૌથી વધુ ટેસ્ટ મેચ રમનારા ખેલાડીઓની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. રૂટે ડિસેમ્બર ૨૦૧૨ માં ભારત સામે નાગપુર ટેસ્ટમાં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. લગભગ ૧૪ વર્ષની




કારકિર્દીમાં, તે ઈંગ્લેન્ડના સૌથી અગ્રણી બેટ્સમેનોમાંનો એક રહ્યો છે, અને હવે તેની પાસે સચિનનો પ્રતિષ્ઠિત વિશ્વ રેકોર્ડ તોડવાની એક સારી તક છે.

હકીકતમાં, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ અડધી સદીનો વિશ્વ રેકોર્ડ હાલમાં સચિન તેંડુલકર અને જો રૂટના નામે છે. બંને બેટ્સમેનોએ ટેસ્ટ ક્રિકેટમાં ૬૮ અડધી સદી ફટકારી છે. એજબેસ્ટનમાં અડધી સદી ફટકારવા સાથે, રૂટ સચિનને પાછળ છોડી દેશે અને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ અડધી સદી ફટકારનાર બેટ્સમેન બનશે. આ સિદ્ધિ રૂટ માટે ખાસ રહેશે કારણ કે સચિને તેની ૨૦૦ મેચની ટેસ્ટ કારકિર્દીમાં આ રેકોર્ડ બનાવ્યો હતો.

ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ અડધી સદી ફટકારનારા બેટ્સમેન

સચિન તેંડુલકર - ૬૮, જો રૂટ - ૬૮, શિવનારાયણ ચંદ્રપોલ - ૬૬, રાહુલ દ્રવિડ - ૬૩, એલન બોર્ડર - ૬૩, રિકી પોન્ટિંગ - ૬૨

એજબેસ્ટન ટેસ્ટ રૂટ માટે વધુ એક ખાસ સીમાચિહ્ન છે. આ ત્રણેય ફોર્મેટમાં ઈંગ્લેન્ડમાં તેની ૨૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ છે. રૂટે અત્યાર સુધી ઈંગ્લેન્ડમાં રમાયેલી મેચોમાં ૧૧,૯૨૮ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે.

# દરેક સેલિબ્રિટી ડોળ કરતી નથી, દીપિકા પાદુકોણે નકલી બેબી બમ્પના દાવાઓનો આપ્યો જવાબ

મુંબઇ,
દીપિકા પાદુકોણ હાલમાં તેની બીજી ગર્ભાવસ્થા માટે સમાચારમાં છે. આ મહિનાના અંત સુધીમાં તેની ડિલિવરી થવાની અપેક્ષા છે. તાજેતરમાં, દીપિકા અને રણવીરે તેમની પુત્રી દુઆના બીજા જન્મદિવસ નિમિત્તે કૌટુંબિક ફોટા શેર કર્યા હતા, જેમાં દીપિકા તેના બેબી બમ્પને ફ્લોન્ટ કરતી જોવા મળી હતી. દરમિયાન, દીપિકાએ તેની પહેલી ગર્ભાવસ્થાને લગતા "નકલી બેબી બમ્પ" વિવાદનો પણ જવાબ આપ્યો. દીપિકાના બીજા ગર્ભાવસ્થાના ફોટોશૂટ પર પ્રેમ વરસાવતી વખતે, એક સોશિયલ મીડિયા યુઝરે યાદ કર્યું કે કેવી રીતે દીપિકાની પહેલી ગર્ભાવસ્થા વિશે પ્રશ્નો ઉભા થયા હતા. દીપિકા પાદુકોણે પણ આ પોસ્ટનો જવાબ આપ્યો, જેનાથી ચર્ચા શરૂ થઈ.

દીપિકા પાદુકોણે અને રણવીર સિંહ દ્વારા શેર કરાયેલા તાજેતરના ફોટા પર પ્રતિક્રિયા આપતા, એક ઈન્સ્ટાગ્રામ યુઝરે દીપિકાની પહેલી ગર્ભાવસ્થાને લગતા વિવાદને સંબોધિત કર્યો. યુઝરે કહ્યું કે સ્ત્રીઓનું શરીર અલગ અલગ હોય છે, અને તે જરૂરી નથી કે દરેકનો બેબી બમ્પ એકસરખો દેખાય. યુઝરે એમ પણ કહ્યું કે દરેક સ્ત્રીને શંકા કે ટીકા કર્યા વિના તેની ગર્ભાવસ્થાનો આનંદ માણવાની છૂટ હોવી જોઈએ. આ વીડિયો પોસ્ટ કરીને,



સોશિયલ મીડિયા યુઝરે કહ્યું, "બેબી દુઆ મને બિલકુલ રણવીર સિંહ જેવી લાગે છે. તેઓ બિલકુલ એકસરખા દેખાય છે. મેં દીપિકાની પહેલી ગર્ભાવસ્થા વિશે ઘણી અફવાઓ સાંભળી છે. કેટલાકે કહ્યું કે તેની ગર્ભાવસ્થા નકલી હતી, કે તે અભિનય કરી રહી હતી. સાચું કહું તો, તે ખૂબ જ વિચિત્ર છે. એક સમાજ તરીકે, સેલિબ્રિટી વિશે આવી વાતોને સામાન્ય તરીકે સ્વીકારવી વિચિત્ર છે. દરેક સેલિબ્રિટી તેમની ગર્ભાવસ્થાનું જૂઠું બોલતી નથી! આ વખતે, દીપિકા પણ તેનો જૂઠું બોલતી નથી. તે સ્પષ્ટપણે ગર્ભવતી છે, તેથી કૃપા કરીને તેને આ ક્ષણનો આનંદ માણવા દો. વિવિધ શરીરના કદની સ્ત્રીઓને કહેવાનું બંધ કરો કે તેઓ અભિનય કરી રહ્યા છે." આ તેના જીવનનો સૌથી સુંદર ક્ષણ છે. દીપિકા અદ્ભુત લાગે છે.' દીપિકાના ઘણા ચાહકોએ આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી, તેમનો ટેકો વ્યક્ત કર્યો.

# મનોજ તિવારીની પુત્રી રીતિને બળાત્કાર અને મૃત્યુની ધમકીઓ મળી : બિગ બોસમાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું

મુંબઇ,
પ્રખ્યાત ભોજપુરી સિનેમા અભિનેતા અને રાજકારણી મનોજ તિવારીની પુત્રી રીતિ તિવારી હાલમાં 'બિગ બોસ૨૦' પર દેખાઈ રહી છે. શોમાં, રીતિએ પહેલીવાર તેના અંગત જીવન અને તેના પિતાની ઓળખ સાથે સંકળાયેલી લાંબા સમયથી તેણે સામનો કરેલી મુશ્કેલીઓ વિશે ખુલ્લેઆમ વાત કરી. તેણીએ સમજાવ્યું કે એક પ્રખ્યાત અને જાણીતી વ્યક્તિની પુત્રી હોવાને કારણે તેના જીવનમાં ઓળખ આવી છે, પરંતુ તે તેની સાથે ઘણું માનસિક દબાણ પણ લાવે છે. રીતીના મતે, લોકો તેના શબ્દોને ફક્ત હળવાશથી લેતા નથી, પરંતુ તેને તેના પિતાના મંતવ્યો સાથે જોડે છે. મેરી કોમ સાથેની વાતચીત દરમિયાન, રીતીએ સમજાવ્યું કે



તેણીએ હંમેશા પોતાને સાબિત કરવા માટે અન્ય લોકો કરતા વધુ દબાણ અનુભવ્યું છે. તેણીએ કહ્યું કે તે જે કંઈ પણ કહે છે તે તરત જ મનોજ તિવારીના નામ સાથે જોડાયેલું છે. આ જ કારણ છે કે તેણીએ સોશિયલ મીડિયા અને જાહેર જીવનમાં અત્યંત ગંભીર અને ભયાનક પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. રીતીએ દાવો કર્યો હતો કે તેણીને મૃત્યુ અને બળાત્કારની ધમકીઓ પણ મળી છે. તેણીએ કહ્યું કે આ ફક્ત એટલા માટે છે કારણ કે તે મનોજ તિવારીની પુત્રી છે. તેણીના મતે, લોકો તેના અંગત મંતવ્યોને તેના પિતાના વિચારો તરીકે અર્થઘટન કરે છે અને પછી તેના આધારે તેને નિશાન બનાવે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઔ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# "હનુમાન અંશ" બનાવતી વખતે ટીમે ટ્રાયોલોજીને ધ્યાનમાં રાખી હતી : ફિલ્મના બે વધુ ભાગ રિલીઝ થશે

મુંબઇ,
બોલીવુડ ફિલ્મ 'હનુમાન અંશ' હાલમાં બોક્સ ઓફિસ પર દર્શકોનું ઘણું ધ્યાન ખેંચી રહી છે. રિલીઝ થયા પછી, ફિલ્મની કમાણી સતત ચર્ચાનો વિષય રહી છે, અને નિર્માતાઓનો આત્મવિશ્વાસ દરેક પસાર થતા દિવસ સાથે વધી રહ્યો છે. જબરદસ્ત પ્રતિસાદ વચ્ચે, દર્શકો હવે સિક્વલ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે, ફિલ્મની વાર્તા શરૂઆતમાં એક ફિલ્મ સુધી મર્યાદિત રાખવાનો હેતુ નહોતો. નિર્માતાઓએ તેને ત્રણ ફિલ્મો ધરાવતી મોટી શ્રેણી તરીકે વિકસાવવાની યોજના બનાવી હતી. ફિલ્મના નિર્માતા, નમ્રતા સિંહે હવે આ યોજના જાહેર કરી છે. બોલિવૂડ હંગામા સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, નમ્રતા સિંહે ફિલ્મના ભવિષ્ય વિશે ઘણી મહત્વપૂર્ણ વિગતો શેર કરી. તેણીએ સમજાવ્યું કે "હનુમાન અંશ" બનાવતી વખતે ટીમે સમગ્ર ટ્રાયોલોજીને ધ્યાનમાં રાખી હતી. આનો અર્થ એ થયો કે ફિલ્મની વાર્તા પહેલાથી જ ત્રણ અલગ અલગ ભાગોમાં દર્શકો સમક્ષ રજૂ કરવાની યોજના હતી. નમ્રતાના મતે, પહેલો ભાગ મહારાજજીના જીવનના શરૂઆતના વર્ષો અને કૈંચી ધામની તેમની યાત્રા પર કેન્દ્રિત છે. આ પછી, વાર્તાનો બીજો પ્રકરણ કૈંચી ધામ અને તેના સંકળાયેલા આધ્યાત્મિક પાસાઓનું અન્વેષણ કરશે. ત્રીજી ફિલ્મ




ભારતની બહાર વિસ્તરશે અને નીમ કરોલી બાબાના આંતરરાષ્ટ્રીય પ્રભાવની વાર્તા ઉજાગર કરશે.

ચાહકો બીજા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ત્યારે નિર્માતાઓએ સ્પષ્ટતા કરી છે કે સ્ક્રિપ્ટ પર કામ હજુ શરૂ થયું નથી. ટીમને વાર્તાને યોગ્ય રીતે વિકસાવવા માટે થોડો સમય જોઈએ છે. નમ્રતાએ સમજાવ્યું કે ટીમ છેલ્લા દોઢ વર્ષથી સતત કામ કરી રહી છે, એક પણ દિવસની રજા વિના. પરિણામે, નિર્માતાઓએ કામ ફરી શરૂ કરતા પહેલા ૯૦ દિવસનો વિરામ લેવાનું નક્કી કર્યું છે. જોકે, ટીમ પાસે પહેલાથી જ વાર્તાની વ્યાપક રૂપરેખા છે. એવું માનવામાં આવે છે કે વિરામ પછી સ્ક્રિપ્ટિંગ ઝડપથી આગળ વધશે.

"હનુમાન અંશ" ના નિર્માણ અંગે એક રસપ્રદ વિગત પણ બહાર આવી છે. નમ્રતા સિંહે ખુલાસો કર્યો કે ફિલ્મના લેખક, વિશાલ ચતુર્વેદીએ પ્રથમ હપ્તાની સ્ક્રિપ્ટ એક મહિના કરતાં ઓછા સમયમાં પૂર્ણ કરી હતી. ત્યારબાદ, ફિલ્મનું શૂટિંગ ખૂબ જ ટૂંકા સમયમાં પૂર્ણ થયું. નિર્માતાઓના મતે, આખી ફિલ્મનું શૂટિંગ ફક્ત ૨૨ દિવસમાં થયું હતું. બે દિવસનું શૂટિંગ મુંબઈમાં થયું હતું, જ્યારે બાકીનો ભાગ ચિત્રકૂટમાં ફિલ્માવવામાં આવ્યો હતો. ચિત્રકૂટ જેવા સ્થળે શૂટિંગ કરવું સરળ નહોતું, પરંતુ ટીમે પડકારો છતાં શૂટિંગ પૂર્ણ કર્યું.

નીમ કરોલી બાબાનો પ્રભાવ ફક્ત સામાન્ય ભક્તો પૂરતો મર્યાદિત નથી. ઘણી જાણીતી હસ્તીઓ, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય, તેમની સાથે સંકળાયેલી છે. આમાં હોલીવુડ અભિનેત્રી જુલિયા રોબર્ટ્સ, તેમજ વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા જેવા નામોનો સમાવેશ થાય છે. જ્યારે નમ્રતા સિંહને પૂછવામાં આવ્યું કે શું આવી હસ્તીઓ ફિલ્મના આગામી ભાગમાં દેખાઈ શકે છે, ત્યારે તેણીએ ખુલાસો કર્યો કે ટીમે થોડા લોકોનો સંપર્ક કર્યો છે. તેણીએ એમ પણ ઉમેર્યું કે આમાંથી કેટલાક લોકો પહેલાથી જ ફિલ્મથી વાકેફ હતા. જો કે, કોઈ ચોક્કસ સેલિબ્રિટીના કેમિયો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# જામનગરમાં અનાથ-દિવ્યાંગ સહિતની સંસ્થાઓના બાળકોએ મેળાનો આનંદ ઉઠાવ્યો






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પ્રદર્શન મેદાનમાં યોજાયેલા શ્રાવણી લોકમેળામાં શહેર તથા આસપાસના વિસ્તારમાં અભ્યાસ કરતા અનાથ, દિવ્યાંગ તેમજ વિવિધ સંસ્થાઓ અને છાત્રાલયોમાં રહેતા ૪૫૦થી વધુ બાળકોને મેળાની રાઈડ્સનો નિઃશુલ્ક આનંદ માણવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રાવણી લોકમેળાના સંચાલકો સબ્બીરભાઈ અખાણી, યુનુસભાઈ શાહમદાર, નીલેશભાઈ મંગે, તથા અન્ય આયોજનકોની ટીમના સહયોગ સાથે સામાજિક કાર્યકર પ્રદીપસિંહ વાળા, સંજય જાની તથા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિનભાઈ ભોજાણીના સંયુક્ત પ્રયાસોથી વિવિધ સંસ્થાઓના બાળકોને ખાનગી બસ તેમજ અન્ય વાહનો મારફતે પ્રદર્શન મેદાન ખાતે લાવવામાં આવ્યા હતા.

તમામ બાળકો પોતાની સંસ્થા અને શાળાના ગણવેશમાં મેળામાં પહોંચતા પ્રદર્શન મેદાનમાં એક અલગ જ માહોલ સર્જાયો હતો. બાળકોને નાની-મોટી તમામ રાઈડ્સનો આનંદ મળી રહે તે માટે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ રાઈડ્સમાં બેસીને બાળકોએ ભારે ઉત્સાહ સાથે આનંદ વ્યક્ત કર્યો હતો.

બાળકોને પ્રોત્સાહિત કરવા જામનગરના પ્રથમ નાગરિક મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, પૂર્વ પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા, શહેર મહામંત્રી ભાવેશભાઈ કાનાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસકપક્ષના નેતા અમરભાઈ મોદી, દંડક પ્રવિણાબેન રૂપડિયા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન હર્ષાબા જાડેજા, કોર્પોરેટર આશીશભાઈ જોશી,જશુબા ઝાલા, હેતલબેન અમેથીયા સહિતના કોર્પોરેટરો અને હોદ્દેદારો, સામાજિક કાર્યકર ગીરીશભાઈ અમેથીયા ડિમ્પલબેન મહેતા, પ્રવિણસિંહ જાડેજા નરવિંણસિંહ વાળા, બાળ કલ્યાણ સમિતિના સભ્ય નિશાંતભાઈ અગારા, હર્ષાબેન રાજગોર, ગીતાબેન નકુમ સહિતના અન્ય સામાજિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ બાળકો સાથે સમય વિતાવી તેમની ખુશીમાં સહભાગી બની આનંદ વ્યક્ત કર્યો હતો.

જામનગરના આણદાબાવા અનાથાલય ફોર ગર્લ્સની બાળાઓ, અને બાળકો, સ્પેશિયલ એડોપશન એજન્સી ના બાળકો સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સાધના કોલોનીના બાળકો આ ઉપરાંત નાલંદા આશ્રમશાળા, સંસ્થા ઓમ ટ્રેનિંગ સેન્ટર તથા ચિલ્ડ્રન હોમ સહિતના ૪૫૦ થી વધુ બાળકોએ મેળાનું મનોરંજન માણ્યું હતું.

ત્યાર બાદ તમામ બાળકો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મેયર મોનિકાબેન વ્યાસ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોને પોતાના હાથે ભોજન પીરસ્યું હતું. મેળાની મહેમાનગતિ સાથે સેવાભાવી અભિગમના આ આયોજનથી બાળકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી.

### જામનગર જિલ્લામાં અછતની સ્થિતિ સામે તંત્ર એલર્ટ

## 'સૌની યોજના' થકી ડેમો ભરવા અને ઘાસચારા ડેપો શરૂ કરવા જિલ્લા પંચાયત પ્રમુખની રજૂઆત

ધ્રોલ (સંજય ડાંગર) : જામનગર જિલ્લામાં સંભવિત અછતની સ્થિતિ સામે પૂર્વતૈયારીના ભાગરૂપે તેમજ પીવાનું પાણી, પશુઓ માટે ઘાસચારો અને સૌની યોજના થકી સિંચાઈનું પાણી પૂરું પાડવા બાબતે કલેક્ટર કચેરી ખાતે માનનીય સાંસદ પૂનમબેન માડમની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણીએ ઉપસ્થિત રહી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ગ્રામજનો અને ખેડૂતો દ્વારા કરવામાં આવેલી પાયાની રજૂઆતો વહીવટી તંત્ર સમક્ષ મૂકી હતી અને સંબંધિત અધિકારીઓ સાથે પ્રશ્નોના ત્વરિત નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

બેઠક દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખે તાલુકાવાર પ્રશ્નોની છણાવટ કરતા જણાવ્યું હતું કે, જામનગર ગ્રામ્ય પંથકના મહત્વના રૂપારેલ ડેમ



(પસાયા), કંકાવટી ડેમ (ફલ્લા) તેમજ વિજરખી ડેમમાં સૌની યોજના અંતર્ગત તાત્કાલિક પાણી છોડીને ડેમો ભરવામાં આવે. જોડિયા તાલુકામાં ઊંડ-૨ સહિતના જળાશયોને સૌની યોજનાથી ભરવાની સાથે પશુધનની સુરક્ષા માટે ઘાસ ડેપો ઉભા કરી તાબડતોબ ઘાસ વિતરણ શરૂ કરવા માંગણી કરાઈ હતી. ધ્રોલ તાલુકા અંતર્ગત ઊંડ-૧ અને અન્ય જળાશયો ભરવા ઉપરાંત આજી-૩ ડાબા કાંઠા કેનાલ હેઠળ લતીપુર ગામના લાલપુર, કૃષ્ણપુર, ગંગાસરી, ગાંડુ નાથા વાળુ અને પરખેશ્વર તળાવને સૌની યોજના મારફતે પાણીથી છલકાવવા તેમજ સગાળીયા ખાતે ખડબા વાળું તળાવ ઊંડું ઉતારી તેની ઊંચાઈ વધારવા રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં, ધ્રોલ પંથકમાં ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તંગીને ધ્યાને લઈ VB-G RAM G (વિકસિત ભારત રોજગાર ગેરંટી) યોજના હેઠળ વધુ કામો ફાળવવા અને ઘાસચારા ડેપો શરૂ કરવ

કાલાવડ તાલુકાના કુલ ૨૧ ગામોમાં સૌની યોજના મારફતે પાણી તથા ઘાસચારાનું વિતરણ સુનિશ્ચિત કરવા, લીંક-૩ પેકેજ-૪ માંથી મોટી વાવડી, ઉમરાણા તથા નવાગામની નદીઓમાં નર્મદાનું પાણી છોડવા તેમજ ઊંડ-૧ માં સિંચાઈ માટે પૂરતું પાણી આપવા રજૂઆત થઈ હતી. લાલપુર તાલુકામાં પડાણા ગામે તાકીદે ઘાસડેપો કાર્યરત કરવા, ગ્રામજનોને શુદ્ધ અને નિયમિત પીવાનું પાણી પૂરું પાડવા તેમજ રૂપાવટી ડેમ સહિતના જળાશયોને સૌની યોજનાથી ભરી ચોક્કસ ટાઈમટેબલ જાહેર કરવા જણાવાયું હતું.

જ્યારે જામજોધપુર તાલુકાના સોગટી ડેમ, ગેબનશા પીર ડેમ અને બાવીશ કોટડા ડેમમાં સૌની યોજના અંતર્ગત તાત્કાલિક પાણી છોડવા ઉપરાંત સ્થાનિક કક્ષાએ ઘાસચારો પહોંચાડવા ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને ગ્રામ્ય જનતા અને ખેડૂતોના આ તમામ પાયાના પ્રશ્નોનું યુદ્ધના ધોરણે તાત્કાલિક નિરાકરણ લાવવા ખાસ સૂચના આપી હતી.

## સનાતન ધર્મ સંસ્થાન મહિલા સમિતિના જામનગર જિલ્લા પ્રમુખ તરીકે હર્ષિતા મહેતાની વરણી

જામનગર : સનાતન ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુ દ્વારકાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજના આશીર્વાદ તથા પૂજ્ય મુક્તાનંદજી બાપુના માર્ગદર્શન હેઠળ અને ઉષા કપૂરના પ્રમુખપદે સનાતન ધર્મ સંસ્થાન મહિલા સમિતિની વાર્ષિક અહેવાલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સંસ્થાના નિયુક્ત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વર્ષ દરમિયાન તેમના દ્વારા કરવામાં આવેલી વિવિધ ધાર્મિક, સામાજિક તથા સેવાકીય પ્રવૃત્તિઓનું સુંદર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા પ્રમુખ તરીકે હર્ષિતા મહેતાની વરણી જાહેર કરવામાં આવી હતી. પૂજ્ય મુક્તાનંદજી બાપુ દ્વારા હર્ષિતા મહેતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા પ્રમુખ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ હર્ષિતા મહેતાએ જણાવ્યું હતું કે, "સનાતન




ધર્મને માત્ર માનવાની જરૂર નથી, તેને સમજવાની જરૂર છે. આપણી પાસે હજારો વર્ષ જૂની જ્ઞાનપરંપરા છે, પરંતુ જો આપણે તેના મૂળ અર્થને સમજી શકતા ન હોઈએ તો આટલો વિશાળ વારસો પણ આપણા જીવનમાં પરિવર્તન લાવી શકતો નથી."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આપણી સંસ્થાનો પ્રયાસ રહેશે કે શાસ્ત્રોના જ્ઞાનને સરળ રીતે સમજીએ, તેની પાછળ રહેલા રહસ્યો અને તત્ત્વજ્ઞાનને સમજીએ અને તેને આપણા રોજિંદા જીવનમાં ઉતારીએ. આ યાત્રા માત્ર બહારની સંસ્કૃતિને જાણવાની નથી, પરંતુ આપણી અંદરની યાત્રા પણ છે. પોતાના મૂળ સાથે જોડાઈને, પોતાના શાસ્ત્રોને સમજીને અને પોતાની ચેતનાને ઉન્નત કરીને વ્યક્તિ પોતાના જીવનમાં સાચી પ્રગતિ કરી શકે છે.

પઠનથી સમજણ તરફ, સમજણથી જાગૃતિ તરફ, જાગૃતિથી ચેતના તરફ અને ચેતનાથી જીવનપરિવર્તન તરફ. આ જ સનાતન જ્ઞાનયાત્રાનો સંકલ્પ હોવાનું તેમણે જણાવ્યું હતું. જામનગરના તમામ જિજ્ઞાસુ નાગરિકોને આ અભિયાન સાથે જોડાઈ ભારતીય સંસ્કૃતિને જાણવાની, સનાતન જ્ઞાનને સમજવાની તથા પોતાની આંતરિક ચેતનાના વિકાસની યાત્રામાં સહભાગી બનવા હર્ષિતા મહેતાએ હાર્દિક અપીલ કરી છે. સંપર્કઃ હર્ષિતા મહેતા, પ્રમુખ – સનાતન ધર્મ સંસ્થાન મહિલા સમિતિ, જામનગર. મો. ૮૮૪૯૮ ૧૫૫૧૦.

## જામનગરમાં બ્રહ્મ સોશ્યલ ગ્રુપ દ્વારા ઓપન સૌરાષ્ટ્ર મોદક સ્પર્ધાનું આયોજન

જામનગર : જામનગર બ્રહ્મ સોશ્યલ ગ્રુપ દ્વારા પરંપરાગત આરોગ્યપ્રદ અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાના હેતુથી સતત ૧૮મા વર્ષે ઓપન સૌરાષ્ટ્ર મોદક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ ચોથ એટલે કે મહા ગણેશ ચતુર્થીના પાવન દિવસે, સોમવાર તા. ૧૫-૯-૨૦૨૫ના રોજ આ સ્પર્ધા યોજાશે.

સ્પર્ધાનું આયોજન વેજુમાં હોલ, પવનચક્કી, જામનગર ખાતે કરવામાં આવશે. સ્પર્ધામાં પુરુષો, મહિલાઓ તેમજ ૧૪ વર્ષ સુધીના બાળકો-ગૃહિણીઓને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્થળ પર જ બનાવેલા મોદક રજૂ કરવાના રહેશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આપણી પરંપરાગત, આરોગ્યપ્રદ અને સાંસ્કૃતિક વાનગીને જાળવી રાખવાની સાથે સમાજમાં એકતા, સહયોગ અને આનંદનું વાતાવરણ ઊભું કરવાનો છે. જામનગર તથા સૌરાષ્ટ્રના બ્રહ્મ સમાજના ભાઈ-બહેનો, સ્પર્ધકો અને મોદકપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેને સફળ બનાવવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. સ્પર્ધકોએ સવારે ૧૦ વાગ્યા સુધીમાં સ્થળ પર નોંધણી કરાવવાની રહેશે. તેમજ આપવામાં આવેલા નંબર પર પણ સ્પર્ધા અંગેની નોંધણી કરાવી શકાશે.

આ કાર્યક્રમમાં બ્રહ્મ સોશ્યલ ગ્રુપના પ્રમુખ કીર્તિભાઈ ડી. કલ્યાણી, મંત્રી મનીષ રાવલ તથા પ્રોજેક્ટ ચેરમેન મહિધર શુક્લ સહિતના આયોજકો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પ્રમુખ કીર્તિભાઈ કલ્યાણી દ્વારા સૌને સહકાર અને ઉપસ્થિતિ માટે અનુરોધ કરવામાં આવ્યો છે. નોંધણી/માહિતી માટે સંપર્ક : પ્રમુખ કીર્તિભાઈ કલ્યાણી-૯૯૨૪૨ ૩૨૫૦૩, મંત્રી મનીષ રાવલ-૭૫૭૫૦૬૫૪૪૪, પ્રોજેક્ટ ચેરમેન મહિધર શુક્લ-૬૩૫૫૫૪૩૭૪૭

## નેપાળના મૃતકોને જામનગરમાં નેપાળી પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ



નેપાળમાં આવેલ વિનાશક આપદામાં અસંખ્ય લોકોના મૃત્યુ થયા હતા તેમજ અગણિત માલ-મિલકતને ભારે નુકસાન થયું હતું. જામનગરમાં વસવાટ કરતા નેપાળી સમાજના ભાઈ-બહેનોએ ગત તા. ૩-૯-૨૬ના સાંજે ૬ થી ૭ દરમ્યાન ચાંદીબજાર ચોકમાં શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ આયોજીત કર્યો હતો. આ બનાવમાં મૃત્યુ પામનારને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં નેપાળી સમાજના ભાઈઓએ પોતાના પરંપરાગત વસ્ત્રોમાં જોડાયા હતા.

## જામનગરમાં ગણેશ પંડાલોના સંચાલકો સાથે ઈકો ફ્રેન્ડલી મૂર્તિના અભિયાનમાં લાલ ટ્રસ્ટને સાંપડી સફળતા

જામનગર : જામનગરમાં ગણેશોત્સવ દરમીયાન પર્યાવરણને થતું નુકશાન અટકાવવા માટે માટીની-ઈકોફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું સ્થાપન થાય તે માટે હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ ફાઉન્ડેશન દ્વારા ૧૦ વર્ષથી ચલાવેલા અભિયાનને ધારી સફળતા સાંપડી છે.

શહેરમાં છેલ્લા ૧૦ વર્ષથી ગણેશોત્સવની ઉજવણી પૂર્વે એચ.જે.લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણને બચાવવા માટે ચલાવાતા અભિયાન અંતગર્ત ગણેશ પંડાલના સંચાલકોની મીટીંગનું



આયોજન કરી પર્યાવરણ પ્રત્યે વિગરૂક્તા ફેલાય અને પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓના સ્થાને ઈકોફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવે તે માટેના સતત પ્રયાસો હાથ ધરાયા હતા.

આ વર્ષે પણ ગણેશોત્સવ પહેલા શહેરના ગણપતિ પંડાલોના સંચાલકો તેમજ મૂર્તિકારો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જામનગર શહેરમાં ઈકોફ્રેન્ડલી ગણેશ મૂર્તિના ઉપયોગ માટેના અભિયાનને ગણેશ પંડાલોના સંચાલકો અને મૂર્તિકારોએ જબ્બર પ્રતિસાદ આપ્યો છે.

જામનગર શહેરમાં ગણેશોત્સવ માટે ઉપયોગમાં લેવાતી ગણેશજીની મૂર્તિઓ ૯૦ ટકાથી પણ વધુ ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ હોય છે. જામનગર શહેરના નાગરિકો અને ગણેશ ભક્તોની પર્યાવરણ પ્રત્યેની જાગૃતિના કારણે આ અભિયાન સફળતા મળેલ છે.

પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓનો ઉપયોગ કરતા ગણેશ ભક્તોની જાણ થશે તો તેને વ્યક્તિગત રીતે (અંગત રીતે) ઈકોફ્રેન્ડલી મૂર્તિ માટે સમજાવવા પ્રયાસો કરીશું. આ બેઠકમાં શહેરના જુદા જુદા વિસ્તારોના નાના-મોટા ગણેશોત્સવના આયોજકો તેમજ ઈકોફ્રેન્ડલી મૂર્તિઓનું નિમાર્ણકાર્ય કરતા મૂર્તિકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સત્યનારાયણ મંદિર રોડ પર ટોંઈગ કરેલ કાર ફસાતા સર્જાયો ટ્રાફિક જામ



જામનગરમાં પોલીસ દ્વારા ટોંઈગ કરી લઈ જવામાં આવી રહેલ કાર સત્યનારાયણ મંદિર રોડ પર ટોઈંગ વેનથી છૂટી પડતા રસ્તા વચ્ચોવચ ફસાઈ ગઈ હતી. આકાશગંગા એપાર્ટમેન્ટ પાસે કાર ફસાતા હવાઈ ચોક સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો. કારમાં થયેલ કથિત નુકસાની મુદ્દે કાર માલિક અને પોલીસ વચ્ચે રકઝક પણ જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે આજે શ્રાવણ મહિનાની અમાસ હોય સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર, શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર તથા શ્રી હજારેશ્વર મહાદેવ મંદિર વગેરે શિવાલયોમાં પણ ભક્તોની ભારે ભીડ ઉમટી હતી તે દરમ્યાન આ ઘટનાથી ટ્રાફિક જામ થતા દેકારો બોલી ગયો હતો અને આખરે કાર ચાલુ કરી ડ્રાઈવ કરીને સાઈડમાં લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## વડાપ્રધાનના જન્મદિવસની જામનગર ભાજપ એક મહિના સુધી ઉજવણી કરાશે





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમોના આયોજન, તથા વ્યસ્થાપન અંતર્ગત પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, શહેર ભાજપ કાર્યાલય ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

સેવા સંકલ્પ સભિયન, ગુજરાત પ્રદેશ ઈન્ચાર્જ બ્રિજેશભાઈ મેરજા દ્વારા માર્ગદર્શન પ્રદાન કરવામાં આવ્યુ હતું. વિશેસથી ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર સંગઠન પ્રભારી ધનસુખભાઇ ભડેરી, શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી તથા પ્રભારી મહામંત્રી વિજયસિંહ જેઠવા દારા કાર્યક્રમને સફળ બનાવવા સૂચવવામાં આવ્યુ હતું. ૭૯ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી સહિતના વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યશાળાનું સંચાલન મહામંત્રી મૃગેશ દવે, ભાવેશ કાનાણી દ્વારા કરવામાં આવ્યુ હતું, ટેકનિકલ સહયોગ આઈ ટી ઈનચાર્જ ગુંજ કારીયા દ્વારા પ્રદાન કરવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નાગરિકોને સરકારી યોજનાઓનો સીધો અને ઝડપી લાભ પૂરો પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી શાસન અને સરકારી સેવાઓ પહોંચાડવાનો છે. તાલુકા અને ગ્રામ્ય સ્તરે સેવાનો લાભ આપવા માટે વિશેષ કેમ્પ અને શિબિરોનું આયોજન કરવામાં આવે છે, જેથી લોકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવા ન પડે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બર થી આ કાર્યક્રમ શરુ થઇ ૧૭ ઓક્ટ્રોબર સુધી ચાલશે. જેમાં વિવિધ કાર્યક્રમો ને આવરી લેવામાં આવેલ છે. વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જની નિમણુંક કરવામાં આવેલ છે.

આગામી વિવિધ જનકલ્યાણકારી અને સાંસ્કૃતિક કાર્યક્રમોના સફળ આયોજન અર્થે વિવિધ ઈન્ચાર્જની નિમણૂંક કરવામાં આવી છે, જેમાં 'આશીર્વાદનો દીવડો' માટે કોર્પોરેટર ધવલભાઈ નાખવા, '૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત' માટે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોણાણી, 'નમો સેવા ગાથા' માટે સાંસ્કૃતિક સેલના વિરલભાઈ રાચ્છ, 'આંગણવાડી ઉત્સવ' માટે પૂર્વ પ્રમુખ (મહિલા મોરચો) અને કોર્પોરેટર રીટાબેન જોટંગીયા, 'પરિવર્તનની વાર્તા' માટે આઈ.ટી. ઈન્ચાર્જ ગુંજ કારીયા, 'વિકસીત ભારત સંકલ્પ યાત્રા' માટે એસ.એમ. ઈન્ચાર્જ દક્ષભાઈ ત્રિવેદી, 'સેવા જ્યોત યાત્રા' માટે શહેર મહામંત્રી ભાવેશભાઈ કાનાણી, 'વડનગરથી વારાણસી' માટે શહેર મહામંત્રી મૃગેશભાઈ દવે, 'સેવા મેરા યોગદાન' માટે કોર્પોરેટર નિશાબેન અશ્વાર, 'સેવા સેતુ અભિયાન' માટે મેયર મોનિકાબેન વ્યાસ, 'રંગોળી રાષ્ટ્ર' માટે કોર્પોરેટર ખ્યાતીબેન મુંગરા, 'રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ' માટે શહેર ઉપાધ્યક્ષ હેમલભાઈ ચોટાઈ તથા 'જનસેવક મહાકુંભ' માટે કોર્પોરેટર આશિષભાઈ જોષી ને જવાબદારી સોંપવામાં આવેલ છે. આ કાર્યકર્મ માટે પ્રભારી મહામંત્રી તરીકે વિજયસિંહ જેઠવા તેમજ કન્વીનર તરીકે સહદેવભાઈ ડાભીની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત સહ-કન્વીનર તરીકે, વિરલભાઈ બારડ, દક્ષાબેન અગ્રાવત, વિજયભાઈ પરમાર અને કમલેશભાઈ ભરવાડની નિમણૂંક કરવામાં આવી છે. તેમ ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગના કન્વીનર ભાર્ગવ ઠાકરની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**જામનગર :** મૂળ ગામ ગોરખડીવાળા હાલ જામનગર સ્વ જયશ્રીબેન જેઠાલાલ ખોનાના પુત્ર પંકજ શ્રી વાનગી કેટરિંગ સર્વિસવાળાનું તા. ૯ના રોજ અવસાન થયેલ છે.તેમની પ્રાર્થના સદગતના નિવાસ્થાન રોનક એપાર્ટમેન્ટ, પટેલ કોલોની શેરી નંબર ૫, રોડ નંબર ૨, જામનગર ખાતે આજે તા. ૧૧ના સાંજે ૫ થી ૬ દરમિયાન રાખેલ છે. તેઓ નિલેશભાઈ, રેખાબેન અશોકકુમાર મોદી, સ્વ રુપાબેન શાહના નાનાભાઈ મોસાળપક્ષે ભૂપેન્દ્રભાઈ મોહનલાલ શેરડીવાળા, નવસારીનાભાણેજ, વાસંતીબેન સૂર્યકાંત (મુંબઈ)ના ભાણેજ તથા કશવીના કાકા તથા વિક્રાંત રિદ્ધિબેનના મામા થાય.

**જામનગર :** જામનગર નિવાસી સારસ્વત બ્રાહ્મણ ઉષાબેન (દમીયંતીબેન) જનકરાય જોષી (ક્ત્તિા) ઉ. વ. ૮૨ તે યોગેશભાઈ તથા પ્રકાશભાઈ ના માતૃશ્રી, જયશ્રી બેન ના સાસુ, સ્વ. ધીરુભાઈ કનૈયા ના બહેન, વિવેક અને ભક્તિ ના દાદી , વંદના બેન ના દાદી સાસુ શિવાંશના પરદાદી તેમની પ્રાર્થનાસભા તા. ૧૨, શનિવારે સાંજે ૫ થી ૫.૩૦ કલાકે પાબારી હોલ ખાતે રાખે છે.

# બ્રિક્સ ખાતે અગ્રણી નેતાઓનો મેળાવડો જામશે નવી દિલ્હી સમિટ માટે રાજધાની સંપૂર્ણપણે તૈયાર

## ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં બ્રિક્સ દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધારવાના પગલાં પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે

નવીદિલ્હી,

રશિયા-યુક્રેન યુદ્ધ અને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, આગામી બે થી ત્રણ દિવસ સુધી વિશ્વની નજર દિલ્હી પર રહેશે. તેનું કારણ બ્રિક્સ સમિટ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, અનેક દેશોના રાષ્ટ્રપ્રમુખો સાથે, ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ હાજરી આપી શકે છે. ૧૧ સભ્ય દેશોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ પણ ભાગ લેશે. નોંધનીય છે કે બ્રિક્સની રચના ૨૦૧૧ માં પાંચ મૂળ સભ્ય દેશો: બી (બ્રાઝિલ),આર (રશિયા) આઇ (ભારત), સી (ચીન) અને એસ (દક્ષિણ આફ્રિકા) ની સર્વસંમતિથી કરવામાં આવી હતી. બ્રિક્સનું નામ આ પાંચ દેશોના નામના પહેલા અક્ષરો પરથી રાખવામાં આવ્યું હતું. જોકે, સંગઠનનો વ્યાપ પાછળથી વિસ્તર્યો.

હાલમાં, બ્રિક્સમાં કુલ ૧૧ સભ્ય દેશો છે. હાલમાં, બ્રિક્સમાં ૧૧ પૂર્ણ સભ્ય દેશોનો સમાવેશ થાય છે. પાંચ મૂળ સભ્યો ઉપરાંત, નવા દેશો પણ ઉમેરવામાં આવ્યા છે. પાંચ મૂળ સભ્યો ઉપરાંત, ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઈન્ડોનેશિયા પણ સભ્યો છે. ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે તમામ ૧૧ સભ્ય દેશોના પ્રતિનિધિઓ ભેગા થશે.પીએમ મોદી શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બરના બ્રિક્સ બિઝનેસ ફોરમને સંબોધન કરશે. ચીન, રશિયા, બ્રાઝિલ, યુએઈ અને અન્ય બ્રિક્સ દેશોના મુખ્ય વ્યાપાર નેતાઓ હાજરી આપે તેવી અપેક્ષા છે.

# અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન જીતશે તો પુખ્ત વયના લોકોને ૫,000 ડોલર ચૂકવાશે: ટ્રમ્પ

## અમેરિકન પ્રમુખની વધુ એક મોટી ચૂંટણીલક્ષી જાહેરાત!!

વોશિંગ્ટન,

૨૦૨૬ ની મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું ચૂંટણી વચન આપ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો રિપબ્લિકન કોંગ્રેસના બંને ગૃહો પર નિયંત્રણ જાળવી રાખે તો યુનાઈટેડ સ્ટેટ્સમાં દરેક પુખ્ત નાગરિકને ઈ૫,૦૦૦ ડિવિડન્ડ મળી શકે છે. ટ્રમ્પે બુધવારે ડલ્લાસમાં રિપબ્લિકન પાર્ટીના મધ્યસત્ર સંમેલનને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરી હતી. તેમણે પ્રસ્તાવિત ચુકવણીને તેમના વહીવટ હેઠળ યુએસ અર્થતંત્રના મજબૂત પ્રદર્શન સાથે જોડી હતી. તેમણે સમર્થકોને કહ્યું કે દેશ "ખૂબ પૈસા કમાઈ રહ્યો છે" અને દલીલ કરી હતી કે આર્થિક લાભો તેમના વહીવટને સીધા અમેરિકન પુખ્ત વયના લોકોને નાણાંનું વિતરણ કરવાની મંજૂરી આપશે.

"કારણ કે અમે ખૂબ સારું કર્યું છે અને કારણ કે આપણો દેશ ખૂબ પૈસા કમાઈ રહ્યો છે તેથી ફક્ત હું જ તમને આ વચન આપી શકું છું. આ મારું વચન છે. જો રિપબ્લિકન હાઉસ અને સેનેટ બંને જીતે છે, તો અમારી જબરદસ્ત આર્થિક સફળતા અને શક્તિને કારણે, હું યુનાઈટેડ સ્ટેટ્સમાં દરેક પુખ્ત નાગરિકને ઈ૫,૦૦૦ ડિવિડન્ડ આપીશ," ટ્રમ્પે કહ્યું.

આ જાહેરાત ત્યારે આવી છે જ્યારે રિપબ્લિકન નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓની તૈયારી કરી રહ્યા છે, જેમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટનું નિયંત્રણ દાવ પર છે. ટ્રમ્પ મધ્યસત્ર મતદાનમાં ઉમેદવાર ન હોવા છતાં રિપબ્લિકન ઝુંબેશના કેન્દ્રમાં પોતાને વધુને વધુ સ્થાન આપી રહ્યા છે.

ટ્રમ્પે ખરેખર શું વચન આપ્યું છે?

ટ્રમ્પનો પ્રસ્તાવ રિપબ્લિકન કોંગ્રેસના બંને ગૃહો જીતવા પર શરતી છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેમનો વચન નવેમ્બરની ચૂંટણી પછી ગૃહ અને સેનેટ પર દૈના નિયંત્રણ જાળવી રાખવા પર આધારિત છે. તેમણે પ્રસ્તાવિત ચુકવણીને "ડિવિડન્ડ" તરીકે વર્ણવી, તેની સરખામણી એક સફળ કંપની તેના શેરધારકોને કેવા પ્રકારના રોકડ વિતરણ કરી શકે છે તેની સાથે કરી.

# લદ્દાખના મુદ્દાઓ પર સોનમ વાંગચુકે નવેસરથી આંદોલન કરવાની ચેતવણી આપી

લદ્દાખ,

સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે ગુરુવારે એક મોટી ધમકી આપી હતી કે જો કેન્દ્ર સરકાર એક અઠવાડિયાની અંદર લદ્દાખ સંબંધિત મુદ્દાઓ પર તેમને કોઈ ખાતરી આપવામાં નિષ્ફળ જાય તો તેઓ ૧૯ થી ૨૪ સપ્ટેમ્બર સુધી નવેસરથી આંદોલન શરૂ કરશે. ગૃહ મંત્રાલય (MHA) ની પેટા સમિતિ સાથેની બેઠક બાદ લદ્દાખ જૂથોએ નિરાશા વ્યક્ત કરી હતી.

"અમે લાચાર છીએ. અમે વિચારી રહ્યા હતા કે વિરોધ પ્રદર્શન કે પદયાત્રા કરવાની જરૂર નહીં પડે, પરંતુ... અમને કોઈ ખાતરી મળી નથી. જો અમને ખાતરી નહીં મળે, તો અમને વિશાળ આંદોલન શરૂ કરવાની ફરજ પડશે. પદયાત્રા હવે ૧૯ થી ૨૪ સપ્ટેમ્બર સુધી યોજાશે. જોકે, અમને હજુ પણ એક અઠવાડિયાની અંદર ખાતરી મળવાની આશા છે," તેમણે દિલ્હીમાં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું.

લેહ એપેક્સ બોડી (LAB) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA) ના સભ્યોએ બુધવારે રાજ્યનો દરજ્જો અને કેન્દ્રશાસિત પ્રદેશ (UT) માટે બંધારણીય અધિકારોની સુરક્ષાની માંગણીઓ પર MHA અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જો કે, જૂથો નિરાશ થયા હતા, ભલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બેઠક સકારાત્મક રહી હોવાનું જાળવી રાખ્યું હતું. જૂથોના મતે, લદ્દાખ માટે સૂચિત ચૂંટાયેલી સંસ્થાનો ડ્રાફ્ટ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો ન હતો. "અમે લદ્દાખથી એ આશા સાથે આવ્યા હતા કે યુટી-સ્તરની ચૂંટાયેલી સંસ્થા બનાવવા માટે એક ડ્રાફ્ટ તૈયાર થશે, એક એવો મુદ્દો જેના પર સર્વસંમતિ છે.

# અવકાશની શક્યતાઓ અમર્યાદિત છે અને તેનું રક્ષણ કરવું આપણી સામૂહિક જવાબદારી : પીએમ મોદી

## પેરિસમાં આંતરરાષ્ટ્રીય અવકાશ સમિટને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ સમક્ષ ભારતનું અવકાશ વિઝન રજૂ કર્યું

નવીદિલ્હી,

ફ્રાન્સના પેરિસમાં આંતરરાષ્ટ્રીય અવકાશ સમિટને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ સમક્ષ ભારતનું અવકાશ વિઝન રજૂ કર્યું. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે અવકાશની શક્યતાઓ અમર્યાદિત છે અને તેનું રક્ષણ કરવું આપણી સામૂહિક જવાબદારી છે. આજે, જેમ જેમ અવકાશ ભ્રમણકક્ષાઓ ઉપગ્રહોથી ભરાઈ રહી છે, ટેકનોલોજીઓ વધુ શક્તિશાળી બની રહી છે, અને ઘણા નવા દેશો અને એજન્સીઓ એક થઈ રહી છે, તેમ તેમ વિશ્વ સામેના પડકારો પણ વધી રહ્યા છે. આવા સમયે, આપણા નિર્ણયો સ્ફટિકીય હોવા જોઈએ. આપણે સંઘર્ષ પર સહકાર, ટૂંકા ગાળાના લાભો પર ટકાઉ વિકાસ અને બાકાત પર સમાવેશ પસંદ કરવો જોઈએ. ભારતનું અવકાશ મિશન આ જ સિદ્ધાંત પર આગળ વધી રહ્યું છે.



પીએમ મોદીએ સમિટમાં જણાવ્યું હતું કે ભારતનું વિઝન "વસુધૈવ કુટુંબકમ" ના વિચાર પર આધારિત છે, જેનો અર્થ "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" થાય છે અને આ ભાવનાને પૃથ્વીથી આગળ અવકાશ સુધી વિસ્તારવાનો સમય આવી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય કાયદા, સંવાદ અને પરસ્પર સહયોગ પર આધારિત સલામત, શાંતિપૂર્ણ અને ટકાઉ અવકાશ વ્યવસ્થાને મજબૂત રીતે સમર્થન આપે છે. પીએમએ ભાર મૂક્યો હતો કે વૈજ્ઞાનિક ડેટા અને માહિતી બધાના લાભ માટે સંપૂર્ણ પ્રામાણિકતા અને ખુલ્લાપણા સાથે શેર કરવી જોઈએ. ભારતની સમગ્ર અવકાશ યાત્રા આ જાહેર-ઉત્સાહી અભિગમને પ્રતિબિંબિત કરે છે અને તેને સમગ્ર વિશ્વમાં ફેલાવવાનો હેતુ ધરાવે છે.

# નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી

## કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો પણ સંકેત આપ્યો

નવીદિલ્હી,

ગોવામાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા નેશનલ હાઈવેમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી. ગડકરીએ કહ્યું કે હાઈવે પૂર્ણ કરવામાં ૧૬ થી ૧૭ વર્ષ લાગ્યા, જે દુર્ભાગ્યપૂર્ણ છે અને તેઓ તેનાથી શરમ અનુભવે છે. તેમણે કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો પણ સંકેત આપ્યો.

ગડકરીએ સ્પષ્ટપણે કહ્યું કે તેઓ મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટનમાં હાજરી આપશે નહીં. ગોવાના પરવારીમાં છ-લેન એલિવેટેડ કોરિડોરના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે હાઈવેનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે અને ઘણા કોન્ટ્રાક્ટરો નિષ્ફળ ગયા છે.

તેમણે કહ્યું, "મુંબઈ-ગોવા હાઈવે, જે કોંકણ થઈને મુંબઈથી ગોવા સુધી જાય છે, તે મહારાષ્ટ્ર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જોકે, આ હાઈવેના નિર્માણમાં વિલંબ દુર્ભાગ્યપૂર્ણ છે. ઘણા કોન્ટ્રાક્ટરો કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા. મારા વિભાગે પહેલાથી જ સાત વિશ્વ રેકોર્ડ બનાવ્યા છે, પરંતુ હવે હું બીજો એક રેકોર્ડ બનાવવા માંગુ છું - એક જ વર્ષમાં સૌથી વધુ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાનો અને પ્રતિબંધિત કરવાનો અને સૌથી વધુ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો. હું હવે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરીશ નહીં. મેં પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે હું મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપીશ નહીં.

# બ્રિટન અને ઈઝરાયલ વચ્ચે તણાવ : નેતન્યાહૂ સરકારે ૧૧ બ્રિટિશ સાંસદો પર પ્રતિબંધ મૂક્યો

## પૂર્વ જેરુસલેમમાં બ્રિટિશ કોન્સ્યુલેટ બંધ કરવામાં આવ્યું : બ્રિટિશ નાગરિકોને પણ ઈઝરાયલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

લંડન,

તાજેતરના દિવસોમાં બ્રિટન અને ઈઝરાયલ વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધ્યો છે. ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ટીકા ઉપરાંત, આ મુદ્દો હવે સાંસદો પર પ્રતિબંધ મૂકવા અને વેપાર અટકાવવા સુધી વધી ગયો છે. તાજેતરમાં, બ્રિટને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઈઝરાયલી વસાહતો સાથે વેપાર સ્થગિત કરવાનો નિર્ણય લીધો. જો કે, ઈઝરાયલે હવે બ્રિટન સામે ઘણા કડક પગલાં પણ લીધા છે.

ઈઝરાયલે પણ બ્રિટન સામે અનેક કડક પગલાં લેતા કડક પ્રતિક્રિયા આપી છે. ઈઝરાયલે ૧૧ બ્રિટિશ સાંસદોને દેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. વધુમાં, મંગળવારે પૂર્વ જેરુસલેમમાં બ્રિટિશ કોન્સ્યુલેટ બંધ કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, ઘણા અન્ય બ્રિટિશ નાગરિકોને પણ ઈઝરાયલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બ્રિટિશ વિદેશ પ્રધાન એડ મિલિબેન્ડે પણ આ મુદ્દે એક નિવેદન બહાર પાડ્યું છે. મિલિબેન્ડે કહ્યું કે તેઓ ઈઝરાયલના પ્રતિભાવથી ખૂબ જ નિરાશ થયા છે. તેમણે કહ્યું, "મને ઈઝરાયલી સરકારની જાહેરાત પર દુઃખ છે. જોકે, અમે જે કર્યું તેના પર મને ગર્વ છે, અને તે યોગ્ય કાર્ય હતું."

બ્રિટનના નિર્ણય બાદ, ફ્રાન્સ અને કેનેડાના નેતાઓએ પશ્ચિમ કાંઠે વસાહતોના વિસ્તરણ અને વધતી હિંસાથી પેલેસ્ટિનિયન રાજ્યની રચના અશક્ય ન બને તે સુનિશ્ચિત કરવા માટે સમાન પગલાંની જાહેરાત કરી છે. એ નોંધવું જોઈએ કે યુએઈ સહિત આઠ મુસ્લિમ દેશોએ અગાઉ ઈઝરાયલની નિંદા કરતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

બીજી બાજુ, ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સાર બ્રિટનથી ગુસ્સે થયા છે. તેમણે બ્રિટનના નિર્ણયોની નિંદા કરી છે અને ગાઝામાં યુદ્ધવિરામનું નિરીક્ષણ કરતા યુએન કેન્દ્રમાંથી બ્રિટિશ પ્રતિનિધિઓને દૂર કરવાની હાકલ કરી છે.

# અબુ સલેમને સુપ્રીમ કોર્ટનો ઝટકો મુક્તિની માંગણી કરતી અરજી ફગાવી

## જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ૧૯૯૩ના મુંબઈ શ્રેણીબદ્ધ બ્લાસ્ટના દોષી અને ગેંગસ્ટર અબુ સલેમની અકાળ મુક્તિની માંગણી કરતી અરજી ફગાવી દીધી હતી. નોંધનીય છે કે ૨૭ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટે અબુ સલેમની અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે એપ્રિલમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું હતું.

અબુ સાલેમે દલીલ કરી હતી કે તેણે માફી સહિત તેની સજાના ૨૫ વર્ષ પૂર્ણ કરી લીધા છે અને તેને મુક્ત કરવો જોઈએ. જોકે, બોમ્બે હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે તેની અરજી સમય પહેલા દાખલ કરવામાં આવી હતી. તેનો ૨૫ વર્ષનો કાર્યકાળ ૨૦૩૦ માં સમાપ્ત થશે. કોર્ટે સાલેમની અરજીને અકાળ અને ખોટી માન્યતા પર આધારિત જાહેર કરી હતી. અબુ સાલેમે હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેના નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું હતું. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે અગાઉ ફેબ્રુઆરીમાં અબુ સાલેમની અરજી ફગાવી દીધી હતી. પોતાની અરજીમાં, અબુ સાલેમે દલીલ કરી હતી કે તેણે પોર્ટુગલથી તેના પ્રત્યાર્પણની શરતો હેઠળ ભારતમાં ૨૫ વર્ષ જેલમાં વિતાવ્યા છે.

# વિદેશી સંસ્કૃતિ ધરાવતા લોકો ભારતીય સંસ્કૃતિને કેવી રીતે સમજશે : નીતિન નવીને રાહુલ ગાંધીને "મિયાં" કહ્યા

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા

નવીદિલ્હી,

વંદે માતરમ પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો વિવાદ વધી રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. વંદે માતરમના વિવાદ અંગે નીતિન નવીને રાહુલ ગાંધીને "મિયાં" કહ્યા છે. નીતિન નવીને કહ્યું છે કે રાહુલ ગાંધી દેશ (ભારત) ની સંસ્કૃતિને સમજી શકતા નથી કારણ કે તેમનો ઉછેર વિદેશી સંસ્કૃતિમાં થયો છે.

ભાજપ પ્રમુખ નીતિન નવીને કહ્યું, "આ દેશમાં એવા લોકો છે જે વંદે માતરમ બોલવામાં પણ શરમ અનુભવે છે. હું રાહુલ ગાંધીને કહું છું, મિત્રો, રાહુલ જી, તમે વંદે માતરમનું મહત્વ સમજી શકતા નથી. કારણ કે ક્યાંક રસ્તામાં, તમે ભારતીય સંસ્કૃતિનું મહત્વ સમજી શક્યા નથી. તમે વિદેશી સંસ્કૃતિમાં ઉછર્યા છો. તમારી માતા અને તમારી પાર્ટી આખું વંદે માતરમ ગાવાથી અપમાનિત અનુભવે છે, જેના પડઘાથી હજારો અને લાખો શહીદોને આ દેશની માટી માટે, દેશની સ્વતંત્રતા માટે પોતાના જીવનું બલિદાન આપવા પ્રેરણા મળી હતી. આપણે ચોક્કસપણે આ કોંગ્રેસનો નાશ કરવો જોઈએ, મિત્રો." તમને જણાવી દઈએ કે વંદે માતરમ બિલ તાજેતરમાં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ મુજબ, વંદે માતરમના બધા છ શ્લોક ગાવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. સ્વતંત્રતા દિવસ, ૧૫ ઓગસ્ટના રોજ, લાલ કિલ્લા પર વંદે માતરમ પણ ગાવામાં આવ્યું હતું. જોકે, કોંગ્રેસ પાર્ટીએ જાહેરાત કરી હતી કે તે રાષ્ટ્રગીતના છ ફકરામાંથી ફક્ત બે જ ફકરા, વંદે માતરમ ગાશે. કોંગ્રેસના નેતાઓ આખું વંદે માતરમ ગાશે નહીં.

# તાજેતરના બ્રિક્સ સમિટથી ભારતને શું મળ્યું? છેલ્લા બે કે ત્રણ સમિટથી કોઈ મૂર્ત લાભ જોવા મળ્યો નથી: ચિદમ્બરમ

નવી દિલ્હી,

ભૂતપૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે તાજેતરના બ્રિક્સ સમિટથી ભારતને શું મળ્યું છે તે અંગે પ્રશ્ન ઉઠાવતા કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વચ્ચે રાજકીય વિવાદ શરૂ થયો છે, એમ કહીને કે તેમને છેલ્લા બે કે ત્રણ સમિટથી કોઈ મૂર્ત લાભ જોવા મળ્યો નથી.

બ્રિક્સ સમિટથી ભારતને કોઈ ફાયદો નથી: ચિદમ્બરમ

દિલ્હીમાં આગામી બ્રિક્સ સમિટ ૨૦૨૬ વિશે બોલતા, ચિદમ્બરમે કહ્યું કે ભારત બ્રિક્સ, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (જીર્ઝ), ય્૨૦ અને ઊંછ૬ઢ સહિત અનેક બહુપક્ષીય જૂથોનો ભાગ છે, પરંતુ તેમનાથી દેશને કયા નક્કર ફાયદા થયા છે તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો.

"મને ખબર નથી કે કેટલા રાષ્ટ્રપતિઓ અને કેટલા વડા પ્રધાનો આવી રહ્યા છે. મને નથી લાગતું કે છેલ્લા બે કે ત્રણ બ્રિક્સ સમિટથી મૂર્ત લાભો કે મૂર્ત પરિણામો મળ્યા છે," ચિદમ્બરમે જણાવ્યું.

"હકીકતમાં, આપણે મ્ઁૈંઝ્રજીનો ભાગ છીએ, આપણે જીર્ઝનો ભાગ છીએ, આપણે ય્૨૦નો ભાગ છીએ, અને આપણે ઊંછ૬ઢનો ભાગ છીએ. તેનાથી આપણને શું ફાયદો થઈ રહ્યો છે? હું જોઈ શકતો નથી. છેલ્લા બે કે ત્રણ સમિટમાં, મને કોઈ ફાયદો દેખાતો નહોતો. અગાઉ, મ્ઁૈંઝ્રજી સમિટના કેટલાક મૂર્ત ફાયદા થયા હતા," તેમણે ઉમેર્યું.

ભાજપે વળતો પ્રહાર કર્યો

મ્ઁૈંઝ્રજી સમિટનું આયોજન ભારત પર ચિદમ્બરમના નિવેદન પર વળતો પ્રહાર કરતા, ભાજપે કોંગ્રેસની રાજદ્વારી સમજ પર પ્રશ્ન ઉઠાવ્યો અને પક્ષ પર વ્યવહારિક દ્રષ્ટિકોણથી વિદેશ નીતિ જોવાનો આરોપ લગાવ્યો.

ભાજપના સાંસદ નલિન કોહલીએ કહ્યું કે તે આશ્ચર્યજનક છે કે ચિદમ્બરમ અને કોંગ્રેસ એવા સમયે સમિટના મહત્વ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે જ્યારે ભારત એક મુખ્ય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે જે દેશમાં ઘણા રાષ્ટ્ર અને સરકારના વડાઓને લાવશે.

"ચિદમ્બરમ અને કોંગ્રેસ પાર્ટીના નિવેદન પર ધ્યાન આપવું આશ્ચર્યજનક છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ભારત આટલા મહત્વપૂર્ણ કાર્યક્રમ, બ્રિક્સ સમિટનું આયોજન કરી રહ્યું છે, જ્યાં ઘણા રાજ્યોના વડાઓ અને સરકારના વડાઓ આવશે, અને સીધી બેઠકો પણ થશે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આ નેતાઓ વચ્ચે એક-એક મુલાકાતો થશે," તેમણે કહ્યું.

તેમણે કોંગ્રેસના ઈરાદા પર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું, "કોંગ્રેસ પાર્ટીનો ઈરાદો શું છે? શું રાજદ્વારીને એક વ્યવહાર તરીકે જોવામાં આવે, જેમ કોંગ્રેસ પાર્ટી પ્રોજેક્ટ કરી રહી છે? મેં તમારા માટે શું કર્યું છે? તમે મારા માટે શું કરશો? એક પ્રકારનો અભિગમ."

"કહેવાતા મૂર્ત પરિણામ શું છે? મારો મતલબ છે કે, જો આપણે મૂર્ત પરિણામોની વાત કરીએ, તો આપણે પ્રશ્ન કરી શકીએ છીએ કે ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી કોંગ્રેસ પાર્ટીનો સમગ્ર અભિગમ રાજદ્વારી પર શું હતો," તેમણે ઉમેર્યું. કોહલીએ વધુમાં કહ્યું કે ચિદમ્બરમ એક રાજકીય મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા જ્યાં, તેમના મતે, કોઈ અસ્તિત્વમાં નહોતું.

# તિબેટમાંથી નેપાળમાં આવેલા વિનાશક પૂરથી ચીન સરહદ પર વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો

## નેપાળની સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરાયેલ પ્રારંભિક અહેવાલ સાથે વિનાશક આંકડો જાહેર કરવામાં આવ્યો

કાઠમંડુ,

૨૬ ઓગસ્ટના રોજ તિબેટમાંથી નેપાળમાં આવેલા પૂરથી થયેલા નુકસાનની હદનું પ્રારંભિક મૂલ્યાંકન બહાર આવ્યું છે. આ વિનાશએ નેપાળને તેના મૂળ સુધી હચમચાવી નાખ્યું છે. જ્યારે મૃતદેહો મેળવવાનું ચાલુ છે, ત્યારે સરકારે સંસદીય સમિતિ સમક્ષ માળખાગત નુકસાન અંગેનો પ્રારંભિક ડેટા રજૂ કર્યો. તેમાં જણાવાયું છે કે ચીન સરહદ પર વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે, જેના કારણે આવક પર નોંધપાત્ર અસર પડી છે. અહેવાલમાં રસ્તાઓ, પુલો, શાળાઓ અને જળવિદ્યુત પ્રોજેક્ટ્સ સહિત અન્ય બાબતોને થયેલા નુકસાનની પણ વિગતો આપવામાં આવી છે.

નેપાળના નાણા મંત્રાલયે અહેવાલમાં જણાવ્યું છે કે રસુવામાં વિનાશક પૂર અને કૃષ્ણાભિરમાં રસ્તા તૂટી પડવાથી ઉત્તરી સરહદથી પુરવઠો ખોરવાઈ ગયો છે. નાણા સચિવ ડૉ. ઘનશ્યામ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે રસુવાગઢી સરહદ ક્રોસિંગ પર પૂરથી ચીનથી પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે, જેના કારણે કસ્ટમ આવક પર નોંધપાત્ર અસર પડી છે.



પ્રતિનિધિ ગૃહની નાણાં સમિતિની બેઠકમાં, ઉપાધ્યાયે જણાવ્યું હતું કે સરકારે રસુવાગઢીના વિકલ્પ તરીકે આયાતને સરળ બનાવવા માટે કોરાલા સરહદ ક્રોસિંગ પર વધારાના કર્મચારીઓ તૈનાત કર્યા છે. જો કે, કૃષ્ણાભિરમાં રસ્તો ધસી પડતાં પરિસ્થિતિ વધુ વણસી ગઈ, જેના કારણે સપ્લાય માર્ગ ખોરવાઈ ગયો. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે પૂરમાં બેત્રાવતી-રસુવાગઢી રોડનો ૫૫ કિલોમીટર સંપૂર્ણપણે નાશ પામ્યો હતો. ગાલચી-દેવીઘાટ રોડનો ચાર કિલોમીટર, જે આંશિક રીતે કોંક્રિટથી પાકો હતો, તેને આંશિક રીતે નુકસાન થયું હતું. તેવી જ રીતે, ૧૦ કિલોમીટર લાંબા દેવીઘાટ-ત્રિશુલી-બેત્રાવતી રોડને પણ આંશિક રીતે નુકસાન થયું હતું.

# શ્રાવણી અમાસે જામનગરના શિવાલયોમાં ભક્તો દ્વારા જલાભિષેક-રુદ્રાભિષેક






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : 'છોટી કાશી' તરીકે પ્રચલિત જામનગર શહેરમાં શ્રાવણ માસના અંતિમ દિવસે એટલે કે પવિત્ર શ્રાવણી અમાસે પણ શિવભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં ભક્તિ અને ધાર્મિક આસ્થાનું વાતાવરણ છવાયેલું રહ્યું હતું અને આજે શ્રાવણ માસની વિદાયના દિવસે પણ વહેલી સવારથી જ અનેક શિવ મંદિરોમાં ભક્તોની અવરજવર જોવા મળી હતી. જામનગર શહેરમાં આવેલા વિવિધ શિવ મંદિરોને સમગ્ર શ્રાવણ માસ દરમિયાન વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરોમાં જળ, હરિયાળી તથા રોશનીથી શણગાર કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન ખાસ કરીને ચારેય સોમવારે વહેલી સવારથી જ શિવભક્તો દર્શનાર્થે કતારબદ્ધ થઈ જતા હતા. ભક્તો દ્વારા ભગવાન ભોળાનાથને બિલિપત્ર અર્પણ કરી જલાભિષેક, રુદ્રાભિષેક સહિતની પૂજા-અર્ચના કરવામાં આવતી હતી. જામનગરના સિદ્ધનાથ, ભીડભંજન, કાશી વિશ્વનાથ, નાગેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ, વૈજનાથ મહાદેવ, પ્રતાપેશ્વર મહાદેવ, નર્મદેશ્વર મહાદેવ, જળેશ્વર મહાદેવ, સુખનાથ મહાદેવ, મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના અનેક શિવાલયોમાં આજે શ્રાવણ માસના અંતિમ દિવસે પણ ભક્તોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી.

## દેશભરની બેન્ક હડતાળમાં જામનગરના કર્મચારીઓ જોડાતા કરોડો રુપિયાના નાણાકીય વ્યવહારોને અસર






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : પાંચ દિવસીય કામકાજની સપ્તાહ પદ્ધતિ લાગુ કરવાની સહિતની વિવિધ માંગણીઓને લઈને દેશભરના બેન્ક કર્મચારીઓ દ્વારા આજે એક દિવસીય હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. જેના પગલે જામનગર શહેર તથા જિલ્લામાં આવેલી વિવિધ બેન્કોની શાખાઓમાં પણ કર્મચારીઓ હડતાળમાં જોડાતા બેન્કિંગ કામગીરીને અસર પહોંચી હતી અને કરોડોના નાણાકીય વ્યવહારો અટકી ગયા હતા.

બેન્ક કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી પાંચ દિવસીય કામકાજ સપ્તાહની માંગ સહિત વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆતો કરવામાં આવી રહી છે. આ માંગણીઓના સમર્થનમાં આજે કર્મચારીઓ કામથી અળગા રહ્યા હતા. હડતાળને પગલે બેન્કોમાં રોકડ ઉપાડ-જમા, ચેક ક્લિયરિંગ સહિતની શાખાકીય કામગીરી પર સીધી અસર જોવા મળી હતી.

દરમિયાન આજે શુક્રવારની હડતાળ બાદ આવતીકાલે શનિવાર તથા ત્યારબાદ રવિવારની સાપ્તાહિક રજાના કારણે સતત ત્રણ દિવસ બેન્કિંગ કામગીરી પ્રભાવિત રહેશે. ઉપરાંત કેટલાક રાજ્યોમાં ગણેશ ચતુર્થી સહિતના તહેવારોની રજાઓને કારણે સોમવાર અને મંગળવારે પણ બેન્કો બંધ રહેવાની સ્થિતિ સર્જાઈ શકે છે. પરિણામે અનેક દિવસો સુધી બેન્કિંગ વ્યવહાર ખોરવાતા વેપારીઓ, ઉદ્યોગકારો તથા સામાન્ય ગ્રાહકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

જામનગરમાં ખાસ કરીને વેપારી વર્ગ અને ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના મોટા પ્રમાણમાં નાણાકીય વ્યવહારો બેન્કિંગ માધ્યમથી થતા હોવાથી સતત રજાઓ અને હડતાળના કારણે કરોડો રૂપિયાના વ્યવહારો પર અસર પડવાની શક્યતા છે. જોકે એટીએમ, ઓનલાઈન બેન્કિંગ અને ડિજિટલ પેમેન્ટ જેવી કેટલીક સેવાઓ ચાલુ રહેવાના કારણે ગ્રાહકોને આંશિક રાહત મળી શકે છે.

## સિક્કામાં સિગારેટના ધંધામાં બમણું વળતર આપવાની લાલચમાં યુવાને રુ. ૧૨ લાખ ગુમાવ્યા

### ચિટર શખ્સે યુવાનના સગા-સંબંધીઓ સહિત ૧૫૦ લોકો પાસેથી કરોડોની રકમ હવામાં ઉડી ગયો

જામનગર : જામનગર જિલ્લામાં છેતરપિંડીના વધતા જતા કિસ્સાઓ વચ્ચે સિક્કામાં રોકાણમાં જબરા વળતરની લાલચ આપી એક શખ્સે કરોડોનું કરી નાખ્યાની ચોંકાવનારી વિગતો સામે આવતા ખળભળાટ મચી ગયો છે. રોકાણ કરેલી રકમ એક મહિના બાદ બમણી કરી આપવાની લાલચ આપી અંદાજે ૧૦૦થી વધુ લોકો પાસેથી આશરે રૂ.૫ કરોડની રકમ મેળવી કથિત રીતે કૌભાંડ આચર્યાનું બહાર આવતા રોકાણકારોના પગતળેથી જમીન સરકી ગઈ છે. હપ્તા પેટે અમુક વ્યક્તિઓને રૂપિયા આપ્યા બાદ બીજી રકમ ભેગી કરી આરોપી માયા સંકેલી ગામ છોડી ફરાર થઈ જતા ૧૨ લાખની રકમ ગુમાવનાર સિક્કાના કરીયાણા વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસ દોડતી થઈ છે. સિક્કાના નાઝ સિનેમા પાછળ રહેતા અને કરીયાણાની દુકાન ચલાવતા સકલેન હસનભાઈ કક્કલ (ઉં.વ.૨૬) એ આરોપી અસગર ગફાર પીરજાદા (રહે સિક્કા) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર, આશરે ચાર મહિના પહેલાં લગ્ન પ્રસંગે તેની મુલાકાત અગાઉ સિક્કામાં તેની બાજુમાં રહેતા અને હાલ પંચવટી વિસ્તારમાં રહેતા અસગર ગફાર પીરજાદા સાથે થઈ હતી. આ દરમિયાન અસગરે પોતે છેલ્લા બે-અઢી વર્ષથી અલગ-અલગ સ્કીમો ચલાવતો હોવાનું જણાવી એક મહિના માટે રૂ. ૩ લાખનું રોકાણ કરનારને રૂ.૬ લાખ પરત આપવાની વાત કરી હતી.

વધુમાં અસગરે પોતે શિપિંગ કંપનીમાં કામ કરતો હોવાથી બહાર સંપર્ક હોવાના નામે આંબા આંબલી બતાવી સિગારેટના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વ્યવસાયમાં રોકાણની વાત કરી રોકાણ બાદ રૂપિયા સીધા ડબલ થતા હવાનું જણાવ્યું હતું. આથી અંજાઈ ગયેલા સકલેનભાઈએ ગામમાં તપાસ કરતાં અસગર અગાઉથી આવી સ્કીમ ચલાવતો હોવાની અને રોકાણકારોને વળતર આપતો હોવાનું જાણવા મળ્યા બાદ અસગરે ફોન કરીને રોકાણની તૈયારી બતાવી ગેરંટી માંગતા તેણે ચેક આપવાની વાત કરી હતી.

તા. ૬ મે, ૨૦૨૬ના રોજ સકલેનભાઈએ પોતાની અગાઉની એફ.ડી.ની રકમ ભેગી કરી રૂ.૧૨ લાખ એકત્ર કર્યા હતા અને અસગરના ઘરે જઈ આ રકમ આપી હતી. તેના બદલામાં અસગરે રૂ.૧૨ લાખનો એસબીઆઈ બેંકનો ચેક આપ્યો હતો. જોકે, એક મહિનો પૂર્ણ થયા બાદ રકમ પરત માંગતા આરોપી અસગરે ૧૦ થી ૧૫ દિવસમાં રકમ આપી દેવાની વાત કરી હતી. ફરિયાદી રકમની રાહ જોતા હતા અને આશરે પંદર દિવસ પહેલાં અસગર ગામ છોડી ચાલ્યો જતા પંથકમાં ચકચાર મચી હતી. ત્યારબાદ ગામમાં તપાસ કરતાં અસગરે સિક્કાના ઓસમાણભાઈ પીરજાદા તથા તેમના સગા-સંબંધીઓ પાસેથી રૂ.૨૧ લાખ, અલ્તાફ ભાયા તથા તેમના સંબંધીઓ પાસેથી રૂ.૯ લાખ અને ફિરોઝ દાઉદ સુંભણીયા તથા તેમના ઓળખીતાઓ પાસેથી આશરે રૂ.૮૮ લાખ સહિત અન્ય ૧૦૦ થી વધુ લોકો પાસેથી આશરે રૂ.૫ કરોડની રકમ મેળવી હોવાની પ્રાથમિક માહિતી સપાટી પર આવી હતી.

આરોપીએ લોકનો વિશ્વાસ કેળવવા માટે અમુક લોકોને હપ્તા પેટે થોડી રકમ પરત આપી હતી. જ્યારે બાકીની રકમ ચૂકવવાની બાકી હતી. બાદમાં અસગર ગામ છોડીને જતો રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે સકલેન હસનભાઈ કુક્કલ સહિત ઓસમાણભાઈ પીરજાદા, અલ્તાફ ભાયા વગેરે ફરિયાદ કરવા પહોંચ્યા હતા. પોલીસે અસગર ગફાર પીરજાદા તથા તપાસમાં ખુલ્લે તે અન્ય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર પ્રકરણમાં વધુ કેટલા લોકો પાસેથી કેટલી રકમ લેવામાં આવી હતી ખરેખર આ કૌભાંડનો આંકડો કેટલો અને કેટલા લોકો તેનો ભોગ બન્યા છે. તે પોલીસ તપાસમાં સત્તાવાર આંકડો સામે આવશે.

## ઓખાના ડાલ્ડા બંદરમાં મધરાત્રિએ બોટમાં આગ ભભૂકી : જાનહાની ટળી




ઓખા : ઓખાના ડાલ્ડા બંદર સ્થિત બજરંગ જેટી પર ગત મધરાત્રિએ આશરે બે વાગ્યાના સુમારે બોટમાં આગ લાગવાનો બનાવ બનતા દોડધામ મચી ગઈ હતી. બોટના માલીક વિપુલ મધજી ગોસીયાની રાજ સાગર નામની બોટમાં અચાનક લાગેલી આગની ઘટનાની જાણ થતાં જ ઓખા, મીઠાપુર અને દ્વારકાની ત્રણ ફાયરની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોની સમયસૂચકતા અને ત્વરિત કામગીરીને લીધે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી અને આ કામગીરથી મોટી હોનારત ટળી હતી અને કોઈપણ પ્રકાની જાનહાનિ થવા પામી નથી. દ્વારકા ફાયર વિભાગ તરફથી જીતેન્દ્ર કારડીયા, સતિષભાઈ જોરા અને રાજેન્દ્રસિંહ પરમારે ત્વરિત કામગીરી દાખવી હતી.

## લાલપુરના નવાગામ-શાપર ગામે શ્રમિક મહિલાને વીજશોક લાગતા મૃત્યુ

જામનગર : લાલપુર તાલુકાના નવાગામ-શાપર વાડી વિસ્તારમાં પાણીની મોટર ચાલુ કરવા જતી એક મહિલાને વીજશોક લાગતાં તેનું મોત નીપજ્યું હતું. મેઘપર પોલીસે અપમૃત્યુ અંગે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, લાલપુર તાલુકાના નવાગામ-શાપર વાડી વિસ્તારમાં પિયુષભાઈ મોઢવાડિયાની વાડીમાં પરિવાર સાથે રહેતા મૂળ મધ્યપ્રદેશના મહેશભાઈ ચૌહાણની પત્ની બારકુબાઈ મહેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯) પાણીની મોટર ચાલુ કરવા ગયા હતા. તે દરમિયાન કોઈ કારણસર તેમને વીજશોક લાગતાં તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મેઘપર-પડાણા પોલીસે બી.એન.એસ.એસ. કલમ ૧૯૪ મુજબ અપમૃત્યુ નોંધી તપાસ હાથ ધરી છે.

## જામનગર તાલુકાના જોગવડ ગામે ઓરડીમાંથી નશીલા પદાર્થનો જથ્થો મળી આવ્યો

### ૨૩.૮૫ ગ્રામ હેરોઈન સાથે પંજાબના ત્રણ શખ્સો ઝડપાયા, કુલ રૂ. ૪.૯૪ લાખનો મુદ્દામાલ કબજે, સપ્લાયર ફરાર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : નશીલા માદક પદાર્થોના ગેરકાયદેસર વેપાર અને સેવન સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનની ટીમે જોગવડ ગામની સીમમાં રામદૂતનગર વિસ્તારમાં દરોડો પાડી હેરોઈન સહિતના માદક પદાર્થોના જથ્થા સાથે પંજાબના ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે.

મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે જોગવડ ગામની સીમમાં રામદૂતનગર વિસ્તારમાં જયેશભાઈ ઉનડકટની ઓરડી નંબર-૧૧ની ઓરડીમાં ભાડેથી રહેતા જશવંતસિંઘ પંજાબી, જગમીતસિંઘ પંજાબી અને થોમસ મસીહ નામના ત્રણ શખ્સો પાસે કેફી માદક પદાર્થનો પાવડર છે અને તેઓ હાલ ઓરડીમાં હાજર છે. જેથી સ્થળ પર જઈ દરોડો પાડ્યો હતો. જ્યાં

જશવંતસિંઘ રતનસિંઘ, થોમસ રણજીત મસીહ અને જગમીતસિંઘ સરબજીતસિંઘને ઝડપી લીધા હતા. ત્રણેય મૂળ પંજાબના રહેવાસી છે અને હાલ લાલપુર તાલુકાના જોગવડ સીમ વિસ્તારમાં મજૂરી કામ માટે રહેતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે ત્રણેય આરોપીઓની અટકાયત કરી તેઓ પાસેથી કુલ ૨૩.૮૫ ગ્રામ હેરોઈન, મોર્ફીન અને કોડેનનો જથ્થો, જેની કિંમત રૂ. ૪,૭૭,૦૦૦ થાય છે, તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૪,૯૪,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જગરૂપનસિંઘ હાલ ફરાર હોવાથી તેને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૧(બી) અને ૨૯ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કાર્યવાહી નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયની સૂચના, જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન તથા લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભાના સીધા માર્ગદર્શન હેઠળ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એલ. બારસીયાની રાહબરીમાં કરવામાં આવી હતી. પો.સ.ઈ. એ.જી. જાડેજા સહિતની પોલીસ ટીમે કામગીરીને અંજામ આપ્યો હતો.

## ચેલામાં ગામે કારખાનામાં કામ કરતા યુવાનનો હાથ મશીનમાં ફસાઈ જતાં મૃત્યુ

જામનગર : જામનગર તાલુકાના ચેલા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક કારખાનામાં કામ કરતા એક શ્રમિક યુવનનો ડ્રો મશીનમાં શર્ટ ફસાઈ જતાં હાથ પણ મશીનમાં આવી જવાથી ગંભીર ઈજાઓ થતા સારવારમાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર નજીક ચેલા ખાતે વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કના પ્લોટ નં. ૨૪૧માં આવેલા ઈન્ડિયન બ્રાસ નામના કારખાનામાં મૂળ બિહારના રહેવાસી રહીસકુમાર સંતોષપાલ નામનો શ્રમિક યુવાન ડ્રો મશીનમાં સળિયા નાખવાનું કામ કરી રહ્યા હતા. જે દરમ્યજ

તેમણે પહેરેલું શર્ટ અચાનક ડ્રો મશીનમાં ફસાઈ ગયું હતું. શર્ટ મશીનમાં ખેંચાઈ જતાં રહીસકુમારને ડાબા ખભાથી છાતીના ભાગ સુધી અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જેથી ઘવાયેલા રહીસકુમારને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમની હાલત વધુ ગંભીર બનતાં અંતે તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે સોનુકુમાર બ્રહ્મદેવ ભગતે જાણ કરતાં પંચ-બી પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.એસ.ની કલમ ૧૯૪ મુજબ અપમૃત્યુ નોંધવામાં આવ્યું છે. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં દારૂના નશામાં રિક્ષા ચાલકે સ્કૂટરને ટક્કર મારતા બે યુવકોને ઈજા

જામનગર : જામનગરના દી-પ્લોટ વિસ્તારમાં દારૂના નશામાં પુરઝડપે રિક્ષા હંકારી રહેલા ચાલકે સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટર સવાર બે યુવકો રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં એક યુવકને હાથ અને પગમાં ઈજા થઈ હતી, જ્યારે મોબાઈલ ફોન પણ તૂટી ગયો હતો.

બનાવ અંગે શંકરટેકરી સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા રોહિતભાઈ નાથાભાઈ ચાંડપાએ ફરિયાદ નોંધાવી છે. કે તેઓ મિત્ર રાહુલ સાથે જીજે-૧૦-ઈકે-૪૬૩૯ નંબરના એક્સેસ સ્કૂટર પર દી-પ્લોટ-૬૦ ખૂણા પાસેના જાહેર માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા.

તે દરમિયાન જીજે-૧૦-ટીઝેડ-૬૮૮૮ નંબરની બજાજ સીએનજી રિક્ષા પુરઝડપે અને બેફિકરાઈથી હંકારી રહેલા શક્તિ મગનભાઈ ઠાકેચા (ઉ.વ.૩૦), રહે. પવનચક્કી દી-પ્લોટ, એ સ્કૂટરને ટક્કર મારી હતી.

અકસ્માતના પગલે રોહિતભાઈ અને તેમના મિત્ર રાહુલ રોડ પર પટકાયા હતા. રાહુલને જમણા હાથના પંજામાં ઈજા તથા પગમાં છોલછાલ થઈ હતી અને તેનો મોબાઈલ ફોન પણ તૂટી ગયો હતો. પોલીસે રિક્ષાચાલકની તપાસ કરતાં તે દારૂ પીધેલી હાલતમાં હોવાનું જણાયું હતું. આથી સીટી-એ ડિવિઝન પોલીસે તેની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં શ્રાવણી અમાસે પિતૃ તર્પણ માટે પણ ભક્તોની ભીડ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : શ્રાવણ માસના અંતિમ દિવસ સાથે આજે શ્રાવણી અમાસ હોવાથી ધાર્મિક રીતે આ દિવસનું વિશેષ મહત્વ રહ્યું હતું. અનેક શિવ મંદિરોના પરિસરમાં આવેલા પિંપળાના વૃક્ષ પાસે શ્રદ્ધાળુઓ દ્વારા પિતૃ તર્પણ કરવામાં આવ્યું હતું. પિતૃઓની શાંતિ અને સદગતિ માટે તર્પણવિધિ કરી શ્રદ્ધાળુઓએ પુણ્યદાન કર્યું હતું. ખાસ કરીને સિદ્ધનાથ મહાદેવ, ભીડભંજન મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, નીલકંઠ મહાદેવ સહિતના વિવિધ શિવ મંદિરોમાં આવેલા પિંપળાના સ્થાન પર શ્રદ્ધાળુઓએ પિતૃ તર્પણ કરી ધાર્મિક વિધિ કરી હતી. પિતૃઓને યાદ કરી તેમની શાંતિ માટે પ્રાર્થના સાથે પિંપળાને જળ અર્પણ કરી પૂજન કરવામાં આવ્યું હતું.